તાલ-ગુલાલ કલ્ચરલ ગ્રુપ-ભાવનગર
362/B, ફ્રિસ્કોન મોગા શેરી, ટીમાણીયા ભાગોળની પાછળ
વિક્ટોરીયા પાર્ક રોડ-ભાવનગર-364002

**Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023**

**Letter of Consent**

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

**Name:**

**Gender:**

**Association with the Garba:**

**Address and contact:**

**Signature and Date:** [illegible] પરમાર 8/03/2022

# "ગરબો"

શ્રી ખોડીદાસ પરમાર કહે છે કે - ગુજરાતની નારીનું સંઘનૃત્ય ગરબો એ ભારતીય ધાર્મિક પરંપરાનો એક પ્રકાર છે. ગરબાની પરંપરા પ્રાચિન અને ધાર્મિક સંસ્કાર સાથે જોડાયેલી છે. લોથલ વગેરે નદી સંસ્કૃતિનાં શહેરોમાં જે પ્રજા વસતી હતી. તે બુદ્ધિમાન અને કલાપ્રિય હતી. માતૃપૂજા - માતૃસંસ્થા ત્યાં કેન્દ્રસ્થાને હતી. માતૃદેવીને માતૃત્વ આપનાર તરીકે તેની પૂજા થતી. અને સરકાર તરીકે તેઓ સૂર્ય નારાયણની પૂજા કરતી. તેવું લોથલનાં ઠાપા પરથી જોઈ શકાય છે. માતૃકા અને માતૃત્વ આપનારનું પ્રતિક હતો. આમ માતૃકા અને સૂર્યનું જોડું ભગ-ભગવતીના પ્રતિક રૂપે પૂજાતાં, લોથલનાં ઠાપા પર સૂર્યનું પ્રતિક એકશીંગી-વૃષભનું તરીકે છે.

આ રીતે જોતા માતૃકાને નારીનાં કુંભરૂપે એટલે પોતાની કુખ રૂપી ભગના ગર્ભધારણ કરનારી "ભગવતી" અને સૂર્ય નરારૂ રૂપે ભગનો ભગવાન- આમ 'ભગ' અને ભગવાનનું સાયુજ્ય "ભગવતી" માં સમાઈ જાય છે. એટલે માતૃકાની પૂજા ભગ - womb કુંભના પ્રતિકરૂપે થાય છે.

આજ પણ ગરબો મહાભારત અને ઐતરેય આરણ્યકમાં ભર્યો કુંભરૂપે માતૃત્વરૂપે વર્ણવાય છે. તે કાળે થતા યજ્ઞોમાં રાત્રે મનોરંજન વખતે સુંદરીઓ માથે કુંભ લઈને યજ્ઞવેદીની આસપાસ મંડલાકારે નર્તન કરતી. મધ્યકાળ સુધી નારીનાં પાત્ર સામે સૂર્યરૂપી દીવો મુકાતો. પણ મધ્યકાળે પાત્રની સામે મુકાતો દીવો ખસેડી લઈને તે દેવીનાં પાત્રની અંદર દીપ મુકવો શરૂ થયો હશે. તે રીતે મધ્યકાળે આજનો નારીના ગરબો શરૂ થયો તે કલ્પી શકાય તેવું છે.

નારીનાં પાત્રવિશેષ ગરબાની પરંપરા ધાર્મિક અને માતૃકાના પ્રતિક રૂપે જોઈ પણ સાહિત્યિક કૃતિના ગરબા ગવાય અને સંઘ નૃત-તાલે રમાય છે. તે પણ આ પાત્રવિશેષ ગરબાથી જુદો નથી. આ સાહિત્યિક ગરબાનું સ્વરૂપ ઉત્પત્તિ આપણે ૧૭માં શતકમાં થયેલા ભાણદાસના જુના ગરબામાંથી મળે છે. ભાણદાસ અખાનો સમકાલિન હતો. અને નિતાંત માતૃભક્ત હતો. માની ભક્તિમાં રંગાયેલો ભાણદાસ માંનું ગૌરવ ગાતા થાકતો નથી.

"ગગન મંડળની ગાગરડી, ગુણ ગરબી રે,
તેણી રમે ભવાની રાસ ગાઓ ગુણ ગરબી રે!"

આમ ભગવતીના ગુણગાન તેને ખુબ વર્ણવ્યો છે. વળી આમ માંનું ગૌરવ વર્ણવવાથી જે કૃતિ રચાઈ તે ગૌરવીય કે ગૌરવપ્રદ-વાણી. આમ ગરબા સાહિત્ય કૃતિ તરીકે ઓળખાવી શકે તેવું કહી શકાય. સાહિત્યકૃતિ ગરબુ કે ગરબા જ્યારે પાત્ર વિશેષમાં અંદરનાં ભાગે દીપ આવ્યો તે "ગર્ભદીપ" વાળુ પાત્રવિશેષ "ગરબો" થયો. આમ સાહિત્યકૃતિ

અને પાછા વિરોધ આ રીતે ગૂંથાતા-ગવાતા હતા તે જોયું.

પાછળથી ગરબા-ગૌરવનો અર્થ વિસ્તૃત થયો. અને વિવિધ દેવી-દેવતા તેમજ સામાજિક ગરબા પણ રચાતા ગયા. ભાણદાસ, વલ્લભ, પ્રીતમ, દયારામ વગેરે પછી આધુનિક કાળે સર્વશ્રી નાનાલાલ, મેઘાણી બોટાદકર વગેરે ભક્તિ સ્વરૂપના સાહિત્યિક પદ-ગરબા રચ્યા છે.

જુના કાળે ગરબા મોટાભાગે એક જ ઢાળીમાં ગવાતા. તાળી પાડતા અને ગોળકુંડાળુ રચી ગવાતા ગરબામાં એકવિધતા આવી ગઈ, તેથી ગરબામાં વચ્ચે વચ્ચે સાખીઓ પ્રયોજાવા લાગી. અને સાખી ગાતા કોઈવાર નૃત્ય અભિનય પણ કોઈક ઠેકાણે થતો હોવાથી ગરબામાં વૈવિધ્ય ઉમેરાતું ગયું. પણ છેલ્લા ૪૦-૫૦ વર્ષમાં ગરબામાં વૈવિધ્ય લાવવાના અનેરો પ્રયત્ન થતો ગયો. તાલ, લય, ઠેકા, નૃત્ય, ગીત-સંગીતથી ગરબો આજના ગરબાનૃત્ય સુધી પહોંચી ગયો. ગરબામાં વૈવિધ્ય પ્રયોજવા જતાં ગીતની અર્થધારી અસર ઘટી, વચ્ચે વચ્ચે લય-તાલના આવર્તનો આપતા ગરબો નૃત્ય તરફ ઢળ્યો ગયો. આજે ગરબો ગાયન સ્વરૂપનો સંઘનૃત્ય જેવો રહ્યો નથી. પણ તેમાં નૃત્યપ્રકાર ઘણું નાવિન્ય આવ્યું છે અને ગરબા ગરબાનૃત્ય તરીકે વિકસી રહ્યો છે.

નામઃ- અમૃત ભાઈદાસભાઈ પરમાર
જાતિઃ- પુરુષ
હોદ્દો :- "તાલગુલાલ" રાસ ગરબા ગ્રુપસંચાલક
સરનામુંઃ- 362/B, હરિઓમ ગંગા સોસાયટી, ગેઈટ નં-1, ટીમાણિયા મોગલની
પાછળ, વિક્ટોરિયા પાર્ક રોડ - ભાવનગર:-02
મોબાઈલનં- 09824390595

અમૃત પરમાર
તા- 8/3/2022
ભાવનગર.

**PARVEZ PATHAN**

National Awardee
"USTAD BISMILLAH KHAN YUVA PURASKAR"
Sangeet Natak Akademi - Delhi

83/1, Goverment "H" Colony,
Near.Nehrunagar,
Ambawadi,Ahmedabad-380015
Mobile No:- +91-9879566268
E-MAIL:- ankurpathan72@gmail.com

LETTER OF CONSENT FOR THE nOMINATION of Garba of Gujarat for possible inscription on the Representation list of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023.

યુનેસ્કો માનવતા ના અમૂર્ત સાસ્કૃતિક વારસા ની પ્રતિનિધિ યાદી માં સંભવિત શિલાલેખ માટે ગુજરાત ના ગરબા ની નોધણી પ્રક્રિયા વિષે સાંભળી ને અમને આનંદ થયો.

"ગરબો" એટલે શરીર અને તેમાં પ્રજ્વલિત દીવો એટલે આત્મા , અને આત્મા એ શક્તિ નું પ્રતિક છે, શક્તિ ના પ્રતિક સમા ગરબો એ એક એક ગુજરાતી સાથે જોડાયેલો છે, જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગરબો એમ પણ કહેવાય, ગરબા માં "બેઠો ગરબો" જ્યાં બધા બેસી ને ગરબા ગાય, , શેરી ગરબો, જ્યાં શેરી માં બધા ઘરના લોકો ભેગા મળી માતા ણી સ્તાપના કરી ગરબા ગાય, મલ્લામાતા નો ગરબો, નાની નાની કોલોની માં જ્યાં નાના બાળકો મલ્લા માતાની સ્થાપના કરી ને ગરબા ગાય, જે આગળ વધી ને ક્લબ માં ગરબા થયા, મંચ ઉપર રજુ થતા ગરબા તો વર્ષો થી પ્રચલિત હતા પણ હવે તેમાં પણ મલ્તીમેડિયા ની સાથે મલ્તીમ્લેવેલ મંચ ઉપર અદ્ભુત LIGHT અને SOUND ની સાથે હવે રજુ કરવા માં આવે છે અને તે પણ વિવિધ TECHNOLOGY નો ઉપયોગ કરી ને,

લોક કલા ના વૈવીધ્યા ના મૂળ માં ભારતની સંસ્કૃતિ એકતા ના દર્શન થાય છે, જેનું મુખ્ય ઉદાહરણ હું પોતે છુ. ભારત ના પ્રત્યેક પ્રાન્ત ની લોક કલાઓ માં તેના લોક ન્રીત્યો મોખર નું સ્થાન ધરાવે છે તેમાં ગુજરાત ના લોક ન્રીત્યો માં "ગરબા" આજે વિશ્વભર માં એક IDENTITY બની ગયું છે, નવરાત્રી માં શક્તિ ઉપાસના ના તહેવારોમાં ગરબા ની ગુજરાત ની સંસ્કૃતિ એ અખા વિશ્વા ને ઘેલું લગાડ્યું છે.

જેનું સરળ ઉદાહરણ છે હવે ભારત બાહર પણ શેરી ગરબા થાય છે, વિદેશ માં વસતો સમાજ ભેગો મળીને નવરાત્રી મહોત્સવ ઉજવે છે. આજ બતાવે છે કે ગરબો એ એક અભિન્ન અંગ છે અને તેને UNESCO માં સમાવેશ થાય અ એક ગર્વ ની વાત છે.

NAME AND SIGNATURE

PATHAN PARVEZ AHMEDALIKHAN

GENDER - MALE

PARVEZ PATHAN A.P.

*Dr. Utpala Desai*
*Ph. D. (Indian Culture)*

## Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023

### Letter of Consent

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

Many layers of influences have shaped Garba, the most popular folk dance of Gujarat, traditionally performed during Navratri by women. Today men and women both perform Garba with equal zeal. As a Gujarati I have observed, danced in Garba. Later have documented and conducted research on Garba as a Ritual, Poetry and performance Genre. Garba is a remarkable tradition of ritual worship of Mother Goddess that survived for five centuries with community participation and I am very certain that due to its resilient quality and on-going robustness, Garba will definitely continue to be the cultural identity Gujarat.

**Name:-** Dr. Utpala Desai
**Gender:-** Female

**Association with the Garba:-** Garba Troupe leader, Resercher

**Address and contact:-** Shubham , Mehta park ,
Ambawadi, Ahmedabad-380006
**Mobile Number -** 9825322928

**Signature and Date:-** UtpalaDesai 14/03/2022.

JAGDISH PANDYA
FOLK DANCE DIRECTOR & CHOREOGRAPHER
Plot No. 50-54/54 Manas Darshan-3, B/h. Haridwar Residency,
Nr. Akhilesh Cirlce, Opp. Natraj Farm House, Airport Road,
Subhashnagar, Bhavnagar - 364 002. **Mobile :** 98240 14647

તા. ૧૯-૦૩-૨૦૨૨

Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023

# ગરબો સ્તુતિ સ્વરુપે. વૈશ્વિક પ્રવર્તમાન છે

ગરબાની સંસ્કૃતિનું મૂળ સ્વરુપ તો આરાધ્ય દેવ દેવીઓની ઉપાસના છે. આપણા શાસ્ત્રોમાં ગરબાનો આ મહિમા સ્તુતિ સ્વરુપે ઉલ્લેખાયો છે. સ્તુતિના રુપનું કાળક્રમે ગરબા સ્વરુપે પ્રાકટ્ય થયું. દેવ દેવીઓની ઉપાસનાની આ પરંપરા દરેક યુગમાં દેદિપ્યમાન થતી આવી છે અને આજે પણ પ્રવર્તમાન છે. ત્રેતા યુગમાં મંડલાકાર રુપે સ્તુતિ સ્વરુપે ગરબાના ઉલ્લેખો મળે છે. દ્વાપર યુગમાં જે તે ભૌગોલિક વિસ્તારોમાં જે તે ક્ષેત્રોની બોલીઓ -ભાષાઓમાં સ્તુતિના રુપાંતરો જોવા મળે છે. આમ આ યુગમાં પ્રબળ આસ્થા અને ભક્તિભાવની અભિવ્યક્તિ રુપે જે તે ભાષામાં સ્તુતિ ગરબા રુપે ગવાવા લાગી. પરંતુ તેની સાથે ગરબાનું મૂળ સ્વરુપ તો નૃત જ રહેલું. તેને નર્તનના રુપમાં બાણાશૂરની પુત્રી ઓખાએ પરિવર્તિત કર્યું. આમ આ દેવકળા લોકજીવનમાં સ્થાન જમાવ્યું. તેથી તેને લોકકળા તરીકે પ્રસિધ્ધિ મળવા લાગી. તેમાં નર્તન ઉમેરાતા સ્તુતિ રુપે જે ગરબો હતો તેમાં લોકજીવનના ધબકારા ઉમેરાયા. વર્તમાન યુગમાં બેઠા ગરબામાંથી શેરી ગરબામાં પરિવર્તિત થયેલો ગરબો રંગમંચની કલા બની ગયો અને તેમાં સ્પર્ધાનું તત્વ ઉમેરાતાં આ લોકકળા વધુ નિખરી. મનના રંજનની એ રોચક લોકકળા પુન પરિવર્તન તરફ આગળ વધીને આજે ગ્રાઉન્ડ ગરબાના શિખરે બિરાજે છે સ્તુતિના સોપાનેથી ગરબાના ગોખ સુધીની આ પરિવર્તન યાત્રાના સ્તૂતિ કે ગરબાના મૂળ સાથે વિશ્વની કોઈ પરંપરા સંલગ્ન નથી છતાં તે માત્ર ગૂજરાતનો નહી દુનિયાનો ગરબો બનીને તેજપૂંજ પ્રસરાવી રહ્યો છે.

ગરબાના ક્ષેત્રે છેલ્લા ૫૫ વર્ષથી પ્રવૃત્તિમય છું, ગુજરાતના આંતરિયાળ ગામોને ખેડીને ગરબા અંગે સંશોધનાત્મક અભિગમ,રાખ્યો છે. સરકારી,અર્ધસરકારી અને સમગ્ર ગુજરાતની ખાનગી કલા સંસ્થાઓ દ્વારા યોજાતા ગરબા વર્કશોપમાપ્રશિક્ષણ( કોચિંગ) ની સેવા આપું છું.ગરબા અંગે ના ચાર પુસ્તકનુ સંપાદન કરી, પ્રકાશિત કરી સંસ્કૃતિની પરંપરા નું મુળતત્વ લુપ્ત ન થાય એવો પ્રયત્ન કર્યો છે. ટૂંક સમયમાં '' સંસ્કૃતિનું પંચામ્રુત '' પુસ્તક પ્રકાશિત થનાર છે.રાજ્ય અને રાષ્ટ્રિય કક્ષાએ કોરિયોગ્રાફી તેમજ નિર્ણાયક તરીકે સેવાઓ આપવાની ફરજ અદા કરી છે.અને ગુજરાતની અનેક કલા સંસ્થાઓમા ગરબા ગૂંથણી, કોરિઓગ્રાફી માટે સેવા આપેલ છે.

જે મ પંડ્યા
૧૯/3

Name : Jagdish Pandya
Gender : Male
Date : 19-03-2022

Signature

**KALPESH DALAL**

AAVISHKAR आविष्कार

**Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023**

Letter of Consent

We are delighted to hear about the nomination process of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO.

I am associated with an organization Aavishkar Academy Of Performing Arts who, has as its objective, to study various performing folk dance forms of Gujarat and later teach these dances to urban youth and bring awareness about our rich cultural heritage. It has been an integral part of AAVISHKAR's discipline to organize intensive camps for systematic study and research in rural areas. The repertoire created out of trained youth performs Garba and other folk dances of Gujarat. We have performed Garba in several festivals of India and abroad in several countries.

Garba has become Global phenomena and it is being performed without stigma of cast and creed. It has several important socialistic, ritualistic and economic aspects related to it. It is difficult to find out origin of Garba in terms of time. It has mainly three facets of performance, 1) The community performance in rural area, 2) The party plot or organised commercially performances in urban area and 3) The stage Garba. All of these has great value in terms of above three aspects. It has taken many curves and is always changing with time. We have tried to understand the traditional value of it and have tried to keep those values intact in our performances.

Name: Kalpesh Dalal
Gender: Male
Association with the element: Director-Aavishkar Academy
Address and contact: A 48, Aryaman Bubglows, Thaltej Shilaj Rd. Ahmedabad-380059
Email: aavishkar869@gmail.com, Mbl: +919825034743

Kalpesh Dalal 7th March '22

संस्कार भारती
कला एवं साहित्य की अखिल भारतीय संस्था
[illegible] 011-23217405 | ईमेल sanskarbharati1981@gmail.com
[illegible]
संरक्षक
बाबा योगेन्द्र (पद्मश्री)

# लोक कला विधा



## Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023

## Letter of Consent

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

Garba is a dance form of the Gujarat, performed on almost every special occasion in Gujarat **to honour the Hindu Deity of Divinity, Goddess Durga**. Garba performers are typically women and young girls. Acclaimed worldwide in recent times, Garba empowers people by preaching the presence of divine energy within every human being. It shows energy, power,joy and light of women empowerment . I believe that this dance form connects you with mother earth and the Goddess. Garaba is beyond language, religious and region. Sanskar Bharti's motto would be "Art is the one who gives freedom by cutting the straits of evil". Sanskar Bharti is working in various sections of the society with the aim of preventing cultural pollution through awakening patriotism, decency and encouraging the development of various arts and encouraging novice artists. My group of sanskar bharati ,Bhavanagar has performed the GARABA dances in many national events at" Rastriya lokrang Mahotsav ,Somnath", Nagpur, Pune, surat (Guj), Gorakhpur (Uttar Pradesh),Urai, Firozabad ( Uttar Pradesh). I also conduct GARABA workshop across the country for training thousand young boys and girls. We have performed more than 200 programs in many States of India. I am awarded" Gujarat Gaurav Purskar in LOKKALA"by Government of Gujarat,

**Name: Nitin Babubhai Dave** (Sanskar Bharti, lokkala President)
**Gender: male**
**Association with the Garba: 49 years**

**Address and Contact: City ring road, Near Shivaji circle,Behind Jesis Bhavan,Krishna tenament -1,Bhavanagar,9426703453**

**Signature and Date: 08/03/2022**

Mr.Nitin Dave , Besides Jesis Bhavan, Near Shivaji Circle, City Ring Road,
Bhavnagar – 364002. Mobile: - 9426703453

Scanned by Scanner Go

D/06/03/2022

## Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023

### Letter of Consent

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

"Garba" is a dance woven in the life of every individual of Gujarat. To preserve this art form and to maintain its prestigious value in India as well as in other countries, I have been working for the last thirty five years for Garba dance, spreading its knowledge among the youth.

Garba is played to worship Ma Amba. It is played in a circular motion which produces energy in our body and it also depicts that in our lives, we should move around, keeping god in center.

We are working hard to preserve our culture as Arvachin- Prachin garbas are becoming extinct this days.

The dance form of Garba celebrates fertility, honour womanhood, and pays respect to all nine forms of mother goddesses. We as a citizen of India should take initiative to promote and gain value of our rich culture and tradition cross the world.

**Name: Nitinkumar Dave**
**Gender: Male**
**Association with the Garba: Choreographer and Director of Venubharti**
**Address and contact: B-104, Vinayak Lifestyle, PDPU road, Raysan, Gandhinagar, Gujarat. Mo. 9601812210**
**Signature and Date:** 06/03/2022

N.N.Dave

Date : 11/03/2022

Namaskar Garba is a combination of lyrics, music, dancing, emotions different costumes, different people and also the ornaments of a different places. My goal was to research about the thoughts behind Garba, the history of Garba and also the different style from different places of Gujarat and by the different people of Gujarat. Garba is my love, patience and my heart. My aim of teaching Garba to the young generation is, in its original way. Garba is to express the innermost feeling for women whether it's for love, bhakti, sorrow, sadness or happiness. I would like to say one thing and it's very important that basically Garba is the festival of Maa Shakti all the Garbas are written or based on mashakti or on women's feelings. Most of the Garba are written by male or even if it is written by female, the expressions of Garba, the words of the Garba the feelings of the Garba are for the women or for the Maa Shakti. The writer writes about the Goddesses Amba, they explain about the shringaar, Her Swaroop Her dances, her walk.They write about the props used by women for garba like Diya, Matli, bajath, Jaag, Manjeera, Mandavadi, and lot many. There is a long journey of Garba from religious to social from prayers to love. In the beginning, Garba was sang in front of Mataji, women sang Garba with Tali and chapti. In the village, women started going from one house to another with the Garba (the symbol of maa shakti) that's garbhdeep and sang Garbas. After that they started doing Garba in a circle, and then they started doing garba in big round in villages. After sometime, women started doing garba in the marriages, in the baby shower and also in any happy or sad occasion. They also started doing Garba in a social form,

**RANKAR**

264, Amit Nagar, VIP Road, Vadodara-390 022. Gujarat, India
Mobile No.: 9898048404
E-mail : parul.rankar@gmail.com / vasuparul@gmail.com

in which they started expressing their feelings regarding their in-laws, their husband, their friends, their loved ones, their work & also in the Navratri they dance on this kind of social Garba & also in the social functions. A Lot many garbas are written on historical value or on some town or places or on women's beauty & dressing & security. I know some garba like that, I can sing & give it to you. We need to preserve our garba and its heritage at any cost. Garba also brings good business, some people start the garba training at the the time of navratri but some are missing the basics of garba - that is without taali & chapati. Please preserve our art. In Navratri lots of small venders are doing temporary business of diya, maltali, chaniya choli , Bengals, bindi, jewelry & earning. I have lot many video and documents which I can provide.

Thanks,
Parul Patel,
(Recipient of Gujrat Gaurav Purskar)
Vadodara.

**RANKAR**

264, Amit Nagar, VIP Road, Vadodara-390 022. Gujarat, India
Mobile No.: 9898048404
E-mail : parul.rankar@gmail.com / vasuparul@gmail.com

**Dr. (Smt) Uma Anantani**
**Managing Trustee**

**Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023**

## Letter of Consent

It is our immense pleasure to know about the Process of Nomination of 'Garba of Gujarat' in the List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023

The term in Gujarati language 'Garba' is synonymous with the State of Gujarat and its provinces, Saurashtra and Kachchh. This community activity has travelled long through its mythological, historical, socio- political and religio-cultural milestones. The *Garba* tradition in Gujarat has survived the vicissitudes of time because of its ever changing and ever evolving virtues. The tradition has sensed the pulse of people of Gujarat and vice versa. The mesmerizing charm of a *Garba* performance is the remarkable feature of *Navaratri* in Gujarat. Symbolically the rotating and revolving movements of *Garba* is an identification of self with the Universal Energy

When *Navaratri* of Gujarat was listed as the longest and the largest dance festival of the world, each Gujarati was proud to be part of such a development. Listing '*Garba* of Gujarat' for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023 will make a Gujarati proud again, and globally so.

**Name:** Uma Anantani, Ph.D
**Gender**: Female
**Association with the Garba**: Being a Gujarati and as a dance researcher, I am naturally associated.
**Address and contact**: A/102 Pruthvi Towers. Jodhpur, Ahmedabad. 380015, Gujarat, India
(M): +91 9898258319

(Uma Anantani)

7th March, 2022

# VATSALA V. SHANDILYA

SUPRETENDENT CUSTOMS & EXCISE

91, URMI SOCIETY, NEXT TO NEW INDIA MILLS,

8, P.C. ROAD, VADODARA – 300007

PHONE : 91-0265-2343636

EMAIL:vatsalavccren@yahoo.com


## Letter of consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023

### Letter of Consent

Glad to know about the Nomination process of possible inscription of “Garba of Gujarat” for Intangible Cultural Heritage of Humanity, UNESCO

Being a senior Garba Singer, not only, I have experienced the deep trust and devotional attachment of Indians with Garba, But a feel of empowerment its Cultural Importance and the energy of rich value of Folk Music and Lyrics are needed to be preserved for the generations to come.

Garba has a special place in my life, I not only sing but breath and live Garba with every beat of my heart. Its not a song, rythm or dance for me, but its a spiritual experience to be one with the super energy source, which can not be expressed in words.

Garba being an identity of Gujarat’s culture deserves its place at the Intangible Cultural Heritage of Humanity, UNESCO. It will provide this traditional dance form a respect and recognition at international canvass. I strongly recommend it.

Thank you.

**Name :** Vatsala Patil
**Gender :** Female
**Association with Garba :** Invited Member of Cultural Cell, Gujarat Pradesh, BJP
Winner of Best Singer Award by Gujarat Govt. in 1996 and 1999
**Address and Contact :** 91, Urmi Society, Nest to New India Mills,
8, P.C. Road, VADODARA – 300007
PHONE : 91-0265-2343636 (m) 9824032152 EMAIL:vatsalavccren@yahoo.com

**Sign and Date :** વત્સલા પાટિલ
૧૦/૦૩/૨૨


## VATSALA PATIL

Winner of Best Singer Award by Gujarat Govt. in 1996 and 1999

# Abhigna Mehta

TV & Stage Artist | Dance Choreographer | Specialized in Bharatnatyam(M.P.A)

Address: 5, Hira Housing Society, Maninagar East, Ahmedabad – 380008. # 09824497776


Letter of consent for the nomination of Garaba of Gujarat for Possible Inscription on the Representative list of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023.

## Letter of Consent

યુનેસ્કો માનવતા અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમીનેશન પ્રક્રિયા વિશે જાણી હું અતિ આનંદ અનુભવી રહી છું.

ગરબા એ ગુજરાતનું, દરેક ગુજરાતીનું અભિન્ન અંગ છે. અને એ વાતનો ગુજરાતી તરીકે મને ગર્વ છે. હું એ વાતે પણ ગર્વ અનુભવું છું કે ગરબા એ માત્ર ગુજરાત, ગુજરાતી કે ભારતના જ નહિ, વિશ્વના મોટાભાગના માનવહૃદયમાં સ્થાન મેળવી ચૂક્યા છે જેને જાણવા, માણવા અને રમવા સૌ ઉત્સુક હોય છે.

ગરબો એ માત્ર આનંદની અભિવ્યક્તિ નથી પરંતુ માં આંબાની ભક્તિરૂપ માટીના છિદ્રવાળા ઘડામાં દીપ પ્રગટાવી નવ દિવસની આરાધનાનું પ્રતિક છે જેણે ગુજરાતનાં ગ્રામ્યજીવન અને નગરજીવનને ધબકતાં રાખ્યાં છે. ગરબા લોકજીવનના આગવા સત્વો, તત્વો અને સત્યોમાં સ-રૂપ સંયોજાયેલા છે. ગરબામાં ભક્તિની સાથે લોકજીવનની, વ્યક્તિના, કુટુંબના, સમાજના જીવનની દરેક ઘટનાઓ, દરેક સંબંધો અને દરેક ભાવો વ્યક્ત થયેલા છે. ટૂંકમાં ગરબો એ ગુજરાત આખાનું લોકધન છે.

સમગ્ર ગુજરાતીઓ માટે ગરબો એક અનન્ય માનવતાના મૂર્ત વારસાની યાદીમાં સામેલ થાય અને પૃથ્વી ઉપર અખંડ રહે તેવો મારો વિનમ્ર આગ્રહ છે

08.03.2022

Abhigna Parimalbhai Mehta

Name and Signature

Scanned with CamScanner

# Darshan Academy of Dancing

(A School of Bharat Natyam Classical Dance)

**Letter of consent for the Nomination of Garaba of Gujarat for possible Inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity , UNESCO in 2023.**

## Letter of consent

યુનેસ્કો માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

અમને સૌ ગુજરાતીઓને ગર્વ થાય છે કે "ગરબા"એ ગુજરાતીઓનું અભિન્ન અંગ છે. અને આજે જયારે "ગરબા" વિશ્વફલક ઉપર એક અદભૂત અને ગૌરવાન્વિત યાદીમાં સામેલ થવા જઈ રહયો છે જે એક સાંસ્કૃતિક, સામાજીક, ધાર્મિક તેમજ ઔતિહાસિક પળ છે. સર્વ રીતે ગુજરાતીઓના હદય–મનમાં સ્થાન મેળવીને વિશ્વના અગણિત દેશોમાં ભાષાને પર રાખીને સૌનો પ્યારો 'ગરબો' બન્યો છે. જેને રમવા, માણવા, જાણવા, સૌ ઉત્સુક હોય છે.

'ગરબાને યુનેસ્કોમાં સ્થાન મળે તે માટે અમારી પાસે ગરિમામય રજુઆત છે. "ગરબા"એ ૫૦૦ વર્ષથીય જુની લોકકળા મનાય છે. તેના માટેના સાહિત્ય કે ઈતિહાસમાં જણાવાયું છે કે માતા પાર્વતીએ ગુજરાતની દ્વારકાનગરીની સ્ત્રીઓને 'લાસ્યનૃત્ય' રૂપે ગરબો શીખવ્યો હતો. ગરબા તે નવશકિતની આરાધનારૂપે કરવામાં આવે છે. જેનાથી શકિતનો સંચાર થાય છે. અને માનવીને દુન્યવી ચીજોનો સામનો કરવાનું બળ મળે છે. સંસ્કૃત શબ્દ ગર્ભદીપ તે ધરતી ઉપર પ્રકાશ પાથરે છે. ગરબો ઉર્જાનો સ્ત્રોત છે જયાં તાલબધ્ધ તાળીઓ ધ્વારા એક ગોળાકાર હલચલનની જુદી જુદી ઝડપથી તેની ઉચાઈએ પહોંચે છે. જેમાં એકથી લઈ અનેક વાજીંત્ર સામેલ હોય, તેના પોષક રંગબેરંગી અન્યને આકર્ષણ થાય તેવા છે. ગુજરાતીઓના ધાર્મિક, સામાજીક,ઐતિહાસિક મેળામાં સંસ્કૃતિના દર્શન કરાવે છે. ગરબો તે આધ્યામિક તાદાત્મ્ય સાધવામાં પણ મહત્વ ધરાવે છે. જે રીતી–રીવાજ અને પરંપરગત સાંસ્કૃતિક વારસાનું આગવું સ્થાન ધરાવે છે.

સૌ ગુજરાતીઓ માટે "ગરબો" એક અનન્ય માનવતાના મૂર્ત વારસાની યાદીમાં સામેલ થાય અને પૃથ્વી ઉપર અખંડ રહે.

AmitaD.Patel.

**Name and Signature** [signature] **Gender** Female.

7/3/2022

Darshan Academy of Dancing 1963 Anand - India

Director.

**Amita Patel** M.Com., M.A.(in Bharat Natyam)

'Deep Kunj', 6, Swastik Society, Opp. Meera Hospital, Anand-388001, Gujarat, India.

Phone : 02692-250948 • E-mail : academy.darshan@gmail.com

**BHAVI GOPAL MODI**
RAAS GARBA CHOREOGRAPHER & DIRECTOR

1204 ANUPAM HEIGHT, B/H SOMESHWARA ENCLAVE, U.M ROAD, SURAT 395007. CONT.# +91 93759 60356`

Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023 Letter of Consent.

**યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.**

ધન્ય છે યુનેસ્કો જેવી સંસ્થાને કે જે વિશ્વ નાં વારસા ને સાચવવાનો સન્નિષ્ઠ પ્રયાસ કરે છે અને કરતી રહે છે.

ગરબા એ ગુજરાત ની અસ્મિતા છે. મહાકાળ અને મહાકાળી દ્વારા રચવામાં આવેલા આ અનંત બ્રમ્હાંડ નું ગર્ભ એટલે કે ગરબો. ગરબો એ ઊર્જા નું કેન્દ્ર છે અને તેથી જ એ મારેમન ફક્ત નૃત્ય નથી પરંતુ નૃત્ય થકી થતી શક્તિ ની આરાધના છે. મેં મારું ગરબામય જીવન ૧૦ વર્ષ ની બાળવય થી પ્રારંભ કર્યું. કલાગુરુ નૈનાક્ષીબેન વૈદ્ય ની નીશ્રા માં ગરબા અંગેની સમજ મેળવી. ગરબા માં તાળી અને ચપટી નાં તાલ નું મહત્વ જાણ્યું અને માણ્યું. સમયાંતરે ગરબામાં શાસ્ત્રીયતા ઉમેરાતી ગઈ અને અનેક વિવિધતા સભર ગરબો અર્વાચીન બન્યો.

વર્ષ ૧૯૯૩ થી ગરબા દિગ્દર્શન ક્ષેત્ર માં પ્રવેશ કર્યો. પ્રતિચી વૃંદ નામે એક ગ્રુપ બનાવ્યું અને સુરત , ગુજરાત ની બાળાઓ ને ગરબાની તાલીમ આપવા સાથે સ્ટેજ પૂરુ પાડ્યુ. સ્કુલ અને કોલેજ નાં સાંસ્કૃતિક કાર્યક્રમ માં જે તે સંસ્થાની કન્યાને પ્રશિક્ષણ નિ:શુલ્ક પૂરું પાડ્યું છે જેનો મને ગર્વ છે. સ્વર અને સંગીત ની સેવામાં સદૈવ તત્પર એવી સંસ્થા, પ્રણવ પારિજાત ટ્રસ્ટ નાં નેજા હેઠળ છેલ્લા ૨૫ વર્ષ થી ભાવોત્સ્વ નામે રાસ ગરબાના ત્રણ કલાક નાં સ્ટેજ શો સુરત નાં ગાંધી સ્મૃતિ ભવન ખાતે સફળતાપૂર્વક કરતા આવ્યા છીએ. પાંચ કરતા વધુ વખત દુરદર્શન અમદાવાદ ખાતે નવરાત્રી મહોત્સવ દરમ્યાન સ્વર સંગમ અને પ્રણવ પારિજાત ટ્રસ્ટ નાં બેનર હેઠળ ગરબા પ્રસ્તુતિ આપીચુક્યા છીએ. આંઠ કરવા વધુ વર્ષ માટે વિર નર્મદ યુનીવર્સીટી નાં યુથ ફેસ્ટીવલ માં નિર્ણાયક તરીકે સેવા આપી છે જેનો મને ગર્વ છે.

ગરબા એ મારો ધબકાર છે. ગરબા મારા રોમેરોમ માં વ્યાપ્ત છે અને તેથી જ આજના દોઢીયા નાં ઘોંઘાટભર્યા યુગમાં ગુજરાત નાં ગરબાનો દિપ દરેક ગુજરાતી માં પ્રજ્વલિત રહે તેનો સન્નિષ્ઠ પ્રયાસ કરતી રહું છું.

| | |
|---|---|
| Name | **Bhavi Gopal Modi** |
| Gender | **Female** |
| Association With The GARBA | **Pranav Parijat Trust** |
| Address | **1204 Anupam Height**<br>**B/h Someshwara Enclave**<br>**U.M Road – VESU**<br>**Surat 395007**<br>**Tel # +91 93759 60356** |

**Yours Truly**
**Bhavi Gopal Modi**

**Dt. 9th March 2022**

Created by demo version of Universal Document Converter. Full version doesn't add this stamp. www.print-driver.com

Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023.

PANGHAT
Kala Kendra
Reg. No. F/2281, GUJ/2320/Gandhinagar

## Letter of Consent

યુનેસ્કો દ્વારા થતા માનવતાનાં અપૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતનાં ગરબાની નામાંકન પ્રક્રિયા વિષે જાણીને આનંદ થયો.

ગરબો એ ગુજરાતના અતિપ્રાચીન લોકપ્રિય નૃત્યનો એક પ્રકાર છે. ગરબો શક્તિપૂજાની સાથે સવિશેષ સંકળાયેલો છે. ગરબાની ઉત્પતિનું મૂળ દેવીપૂજા જ મનાય છે. ગરબો એટલે ઘણાં છિદ્રો પાડેલો માટીનો ઘડો. ઘડામાં છિદ્રો પડાવવા તેને ગરબો કોરાવવો કહે છે. ગરબામાં શબ્દની ઉત્પત્તિ ગર્ભદીપમાંથી થઇ છે. "ગર્ભદીપ" માંથી 'ગર્ભો' અને પછી ગરબો થયું. ગર્ભ એટલે ઘડો. ઘડો એ બ્રહ્માંડની કલ્પના છે. તેમાં પ્રગટાવેલી દીપકની જ્યોત જીવનનાં સાતત્યની ઝાંખી કરાવે છે. આમ ગરબો એ આદ્યશક્તિ જગત્માતા તરફના ભક્તિભાવનું પ્રતીક છે.

ગરબો એ ભારતીય સંસ્કૃતિની વૈવિધ્યપૂર્ણ એકતા દર્શાવવામાં મહત્વનું સ્થાન ધરાવે છે. જાતિ-ધર્મ, ભાષા – બોલીના ભેદથી ઉપર ઉડીને સામાજિક સમરસતા અને સમૂહજીવનને આકાર આપવામાં ગરબાએ મહત્વનું સ્થાન લીધું છે. ગુજરાતના પ્રજાજીવનને ધબકતું રાખવામાં, જીવંત રાખવામાં ગરબાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. પનઘટ કલાકેન્દ્ર દ્વારા છેલ્લા 20 વર્ષથી ગુજરાતના પ્રાચીન ગરબાની જાળવણી સંરક્ષણ અને અવાર્ચીન ગરબા દ્વારા સંવર્ધનનું કાર્ય થઇ રહ્યું છે. નવી પેઢી 'ગરબા' થી અભિન્મુખ થાય તે માટે છેલ્લા ૨૦ વર્ષથી 'પનઘટ કલા કેન્દ્ર' દ્વારા સતત તાલીમ, અભ્યાસ વર્ગો, અને વિવિધ રાજ્ય સ્તરિય સ્પર્ધાઓમાં ભાગ લેવામાં અવે છે. આ પ્રકલ્પથી નવી પેઢીનાં યુવાનોમાં આજે પણ ગરબો એટલો જ લોકપ્રિય છે. પનઘટ કલાકેન્દ્ર દ્વારા ભારતના રાષ્ટ્રપતિથી લઇ વિશ્વનાં અનેક વડાપ્રધાન, રાષ્ટ્રપ્રમુખો અને અનેક હસ્તીઓ સમક્ષ આ ગરબાની પ્રસ્તુતિ કરવામાં આવી છે. પનઘટ કલા કેન્દ્ર એમ દઢપણે માને છે કે ગુજરાતનો ગરબોએ માનવતાનાં અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદી માટે યથાયોગ્ય છે. ગરબાનું નામાંકન થાય તે માટે અમારી વિનંતી છે.

Name: PANGHAT KALA KENDRA (PRESIDENT- BHAVIN M PATEL)

Gender: MALE

Association with the Garba: YES

Address and contact: 700, EKATA COLONY, SECTOR-27, GANDHINAGAR, GUJARAT-382027

Signature and Date: 10/03/22

700, Ekta Colony, Sector-27, Gandhinagar 382 027. Gujarat - India. Phone : 079-23210837.
**Mobile : 098790 57556**. e-mail : bhavin_patel7868@yahoo.com, **www.panghat.in**

**<u>Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023</u>**

**<u>Letter of Consent</u>**

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.


Garba has always been a mode of celebration for every Gujarati family. On every occasion even if there is someone’s birthday. If you look at the cultural aspect of it, it is one of the most celebrated folk art of India. Today not just Gujarati people but Garba has been played around the country. Garba is not just a festival it’s an expression of every happy movement of peoples’ life.

**Name:DarshiniModi**
**Gender: Female**

**Association with the Garba: Have been performing this art form around the world**

**Address and contact: 17, Devnanadan Avenue, Near Gharawakhri Furniture, Motera, Sabarmati, Ahmedabad -05**

**+91 8401699743**



**Signature and Date:** **3rd March2022**

**DEEPAK ANTANI**

actor, director, writer @ stage, tv, film

## Letter of consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023

### Letter of Consent

Glad to know about the Nomination process of possible inscription of “Garba of Gujarat” for Intangible Cultural Heritage of Humanity, UNESCO.

‘Garba’ is a form of group dance, which is being performed during religious festival of ‘Navratri’ for nine nights, making it a longest Dance Festival of the world. This festival honours, worships, and celebrates the nine types of feminine energy form of divinity, in the form of nine Goddesses. The word "garba" comes from the Sanskrit word garbha, meaning "womb." Traditionally, the dance is performed by women in a circle around a clay lantern with a light inside, called a garbha deep ("womb lamp"). The garbha deep has another symbolic interpretation. The vessel itself is a symbol of the body, within whom divinity (in the form of the Goddess or Devi) resides. Garba is danced around this symbol to honour the fact that all humans have the divine energy of Devi within them. Today, it is common to have images of Durga at the centre of the circle in lieu of the garbha deep.

Garba is performed in a circle (concentric circles when there are many people). The circle represents the Hindu view of time. In Hinduism, time is cyclical. As the cycle of time revolves, from birth to life to death to rebirth, the only thing that is constant is the Goddess, an unmoving symbol in the midst of all of this unending and infinite movement. The dance symbolizes that God, represented in feminine form in this case, is the only thing that remains unchanging in a constantly changing universe.

As garba is part of a religious practice, as with other Hindu rituals and worship, it is done barefoot, which signifies respect for the earth upon which people walk. The foot is the body part that touches the earth – the sacred mother of all. The earth is imbued with generative powers and the foot is thought of as the conduit through which the vital energy of the earth travels through humans. Dancing barefoot is another way to connect with Devi, the eternal energy within syncing with the surrounding five elements and the same elements within.

Apart from Religious and Spiritual connect, it is a symbol of respect towards the women. This group dance form is celebrated all over the world, without any restrictions of class, creed etc. wherein women gets themselves ready with traditional attire and ornaments, which itself charges them with energy to dance for nine nights. Since past few decades, it is being celebrated as mega event with the gathering in thousands and all dancing with discipline and divinity to the beats of ‘Dhol’ and other musical instruments, supporting to the singing lyrics to worship Nine Goddesses. Even the unknown spectator person will feel like dancing with such rhythm of garba tunes and enthusiasm of Dancers.

Also people observe fast during this nine days and offers various traditional pooja. Our Honourable Prime Minister also observes fast during these nine days.

Garba being an identity of Gujarat’s culture deserves its place at the Intangible Cultural Heritage of Humanity, UNESCO. It will provide this traditional dance form a respect and recognition at international canvass. I strongly recommend it.

Thank you.

**DEEPAK. M. ANTANI.** **Gender :** Male **Date :** 9th March, 2022

**Association with Garba : -** Invited member of Cultural Cell, BJP, Gujarat Pradesh.
Produced many Garba events for TV and also covered Live Telecast of many Garba events.

**Address :** C –13, Nebula Apartment, Near Grand Bhagwati Hotel, S G Highway, Bodakdev,
AHMEDABAD – 380 035 ( Gujarat State, India ) (M) 9913900300 antanideepak@gmail.com

**Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023**

**Letter of Consent**

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

ગરબાએ ગુજરાતીઓની ઓળખ છે. ગુજરાતીઓનો કોઈપણ પ્રસંગ ગરબા વગર પુરો થતો નથી. દુનિયાના ભરમાં જગપ્રસિદ્ધ ગરબા આજે ગુજરાતીઓ પુરતા સિમિત નથી. ગરબાએ આનંદનુ માધ્યમ છે. વ્યસ્ત જીવનમાંથી નવરાત્રી વખતે લોકો ગરબા માટે સમય અચૂક કાઢે. આમ જોવા જઈએ તો ગરબા લોકોને એકબીજાને મળવાનો મોકો આપે છે. હું એક નૃત્યાંગના છુ અને ગરબાનું સંગીત વાગે અને મારું શરીરએ સંગીત સાથેના ઝુમે એવું ના બને. ગરબા મારા માટે એક લાગણી છે, જે મને મારી સંસ્કૃતિ સાથે જોડી રાખે છે.

**Name:** દેવાંશી મહેતા
**Gender:** સ્ત્રી

**Association with the Garba:** નૃત્યાંગના

**Address and contact:** ચિકાલીમ, Goa 403711

**Signature and Date:** Devanshi

**Kalashree**

Web Site : www.dimpledeputy.in
Email : info@dimpledeputy.in

INSTITUTE OF CLASSICAL DANCE BHARATNATYAM

7, 8, Nandipark Soc., Nr. Reliance Township, B/h. Vijay Sales, Piplod, Surat - 395 007, Gujarat-INDIA
Phone : 91-261-6540452 (M) 98251 24073

Ref. No. 
Date :

યુનેસ્કો માનવતાનાં સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતનાં ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

ગુજરાતીઓનાં કોષે કોષમાં પચી ગયેલા ગરબાનું ગોળ સ્વરૂપ જ સમસ્ત પૃથ્વી અને બ્રહ્માંડ નાં ગ્રહોનું પ્રતિક છે. જેમાં મટકીમાં રાખેલ ભક્તનાં આત્માસ્વરૂપ દીવો મા શક્તિનો અંશ સૂચવે છે.

ગરબાનાં થનગનાટ થી જ જનમતિઓનો શારિરિક, માનસિક, સામાજીક, આધ્યાત્મિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક શાંતિ અને વિકાસ ફૂલ્યો ફાલ્યો છે.

ગુજરાતીઓનાં સુખનું ઘણું મોટું રહસ્ય ગરબામાં છુપાયેલું છે.

ગરબા, ટીપ્પણી, હુડો, રાસ જેવી અનેક વૈવિધ્યસભર કૃતિઓની કોરિયોગ્રાફી અને રજૂઆતો અમોએ અમારી કલાશ્રી સંસ્થા- સુરત નાં બેનર હેઠળ કરી છે.

ગુજરાતીઓની લાગણીઓને કૃષ્ણ-સુદામા જેવી મિત્રતાથી સીંચતા આ ગરબાઓ સમસ્ત બ્રહ્માંડની દૈવી શક્તિઓને ગુજરાત અને ભારતની પાવન ભૂમિ પર અવતરવા આકર્ષિત કરે છે.

ટૂંકમાં કહું તો ગરબો " ⁘ " એટલે કે
"પૂર્ણ" ...... "સંપૂર્ણ" ....... એટલે કે

ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં, પૂર્ણાત્પૂર્ણમુદચ્યતે
પૂર્ણસ્ય પૂર્ણમાદાય, પૂર્ણમેવાવશિષ્યતે ॥

ૐ શાંતિઃ વિશ્વ શાંતિઃ ॥

NAME :- DIMPLE DEPUTY
GENDER :- FEMALE
ASSOCIATION WITH GARABA :- PERFORMING SINCE LAST 30 YEARS.

ADDRESS + CONTACT No :- DIMPLE DEPUTY, "KALASHREE"
7,8, NANDI PARK SOC.,
NR. RELIANCE TOWNSHIP,
IN THE LANE OF VIJAY SALES,
KARGIL CHAWLK,
PIPLOD,
SURAT-395007
GUJARAT
INDIA
CONTACT :- 98251-24073 (mob)
90330-24073 (off)

Sign + Date
D. L. Deputy
7/3/2022

## Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023

### Letter of Consent

યુનેસ્કો માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

Being born and raised In Gujarati family and being a dancer of Gujarat, I personally feel that Garba should be in the Cultural heritage of humanity as it is a festival which brings human beings together and spreads joy and happiness.

**Name:** DISHA ROOPANG MODY

**Gender:** Female

**Association with the Garba:** Folk Performer of Gujarat

**Address and contact:** D/203 Shatrunjay towers, Ahmd - 380015 (M)9825787803

**Signature and Date:** Disha R Mody 8/3/2022

Dr. Ami Pandya
Assistant Professor
Department of Dance
Faculty of Performing Arts
The M. S. University of Baroda

Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023

Letter of Consent

જન્મે ગુજરાતી એમાંય વળી સૌરાષ્ટ્રમાં જન્મ આથી ગળથૂથીમાંજ ગરબો મળેલો અને વળી બાળપણથીજ નૃત્યમાં અનેરો રસ પડતો. આથી પાપા પગલી ની સાથેજ નૃત્યની તાલીમ લેવાનું શરૂ કર્યું. અને બસ પછી ક્લાસીકલ નૃત્યની સાથે સાથે લોકકલા અને ખાસ કરીને ગરબા માં ઊંડો રસ લીધો અને અનેક કાર્યક્રમો આંતરરાષ્ટ્રિય અને રાષ્ટ્રિય સ્તરે આપ્યા. નવરાત્રી ના નવદિવસ, તદઉપરાંત, માતા અને પિતા સૌરાષ્ટ્રના માટે તેમની સાથે સાથે ફેકલ્ટી ઓફ ફાઇનઆર્ટસ અને સોસાયટી માં ગરબા રમવાની શરૂઆત કરી તે આજદીન સુધી કાયમ છે. આજે પણ જ્યારે ગરબાનું સંગીત વાગે ત્યારે પગ નો થનગનાટ શરૂ થઈ જાય

યોગાનુયોગ લગ્ન પણ એવાજ કુટુંબમાં થયા

Ami Pandya

જ્યાં સસરા, સાસુ, નણંદ અને પતિને પણ ગરબામાં ઊંડો રસ. અને આવીજ સ્વભાવીક રીતે અમારા બાળકોને પણ વંશ પરંપરામાં કલા વારસો ઊતરી આવ્યો છે.

અને આજે જ્યારે યુનેસ્કો દ્વારા ગરબાને ઉજાગર કરવાનો તક મળી તે માટે હું મારી જાતને ભાગ્યશાળી માનું છું. આગળ પણ મારા જીવનમાં ગરબાને લગતી કોઈ પણ પ્રવૃતિ અથવા કાર્યવાહી હશે તો તે પાર પાડવા હું કટીબદ્ધ રહું છું.

જયહીંદ, જય જય ગરવી ગુજરાત.

Name: Dr. Ami Pandya
Gender: Female
Address and contact: 5/A, Sevagram Society, Opp. Ghelani Petrol Pump,
Nizampura, Vadodara-390002

Signature and date: Ami Pandya
16/3/2022

Shree Kala Kendra
Art Academy
C-19, Nand Society, Old Padra Road,
Vadodara-390 020. Gujarat, INDIA.
Tel. : (0265) 2359989, 098794 40026
e-mail : shreekalakendra@hotmail.com

Regd. No.
F/2991/VADODARA
(7-9-2013)

Letter of consent for the Nomination of Garaba of Gujarar for possible Inseription on the Representative List of Intangible Cultural Heritage of Humantiy, UNESCO In 2023.

## Letter of Consent

બાણાસુરની પુત્રી ઉષાને અને બીજી સ્ત્રીઓને લાસ્યનૃત્ય ના રૂપે ગરબા શીખવ્યા હતા.

– ભારતીય સંસ્કૃતિ વિશ્વભરમાં સૌથી જુની અને વિશિષ્ટ છે. દરેક પ્રાંત ના પોતાના લોકનૃત્યો, પહેરવેશ, ભાષ વગેરે વિવિધતા સભર જોવા મળે છે. તેમાં ગુજરાત તેના ગરબા થી જ પ્રસિધ્ધ છે. ગુજરાત સટ્ટો ગરબા એક–બીજાના પુરક છે. અ.હ. માં ઉલ્લેખનીય છે કે પાર્વતીએ જાતે જ સૌરાષ્ટ્રમાં ગરબો એટલે આકાર, ગરબો એટલે વસ્તુ ગરબો એટલે નૃત્ય, ગરબો રાગ છે. ગરબો ગીત છે ગરબો શક્તિનું ચિન્હ છે. ગોળ કારાયેલ માટલું અંદર ઘીનો દિવો, જેનો પ્રકાશ, અંધકારને દુર કરે માથે ગરબો લઈને ગાતા જવાનું અને તાળી પાડી રમવાનું અને ભમવાનું શું નથી લાગતું કે આ પ્રક્રિયાથી તમારી એકાગ્રતા વધે ? હા માથાને સ્થિર રાખીને પગથી ઠેક મારી, કમર મટકાવી, હાથને હિલોળીને મનથી માણવાનું નામ એટલે ગરબો.

ગરબો જયારે નવરાત્રીમાં ગાવામાં આવે છે ત્યારે માતાજીની આરાધના રૂપે કરવામાં આવે છે. ચોમાસા દરમ્યાન ઘરની બહાર જવાનું ઓછુ થાય જેથી ઘરની અંદર રહીને જ જેતે કામ કરવાના હોય છે. આથી શરીર જકડાઈ જાય છે. ચારો માસ એટલે વરસાદની વિદાઈ થઈ જાય અને ફરીથી wormup થઈ કામ કરવા તૈયાર થવુ તો પડેને ? તો તે માટે નવરાત્રી ઉત્સવમાં ગરબા રમવાનું પ્રયોજન કરવામાં આવ્યું. ખુબજ સરસ સજીધજીને ઘેરદાર, આભલા, ગુંથણ ભરેલા રાજવી ચણિયા–ચોળી–ઓઢણું ઓઢી ને ગરબા રમવાને આવી જાય છે નવરાતમાં આખા વરસની શકિતનું ભાથુ ભરીલે છે. આખા દિવસનો થાક ઉતરી જાય તેમજ ત્રણ મહીના સ્થૂળ થયેલુ શરીર ફરી એકવાર સજજ થઈ જાય. ગરબાએ સંપુર્ણ કસરત તેમજ યોગનું જ સ્વરૂપ કહી શકાય.

તો આવી સુંદર ઘરોહર ફકત આપણાં સુધીજ સિમીત કેમ રાખવાની? દુનિયાભરના લોકો સુધી પહેલાની જોઈએ. જેથી આ રંગીન વારસા થી બધા લાભાન્ચીત થાય.

FOR SHREE KALA KENDRA
M. A Dodeja
Proprietor/Authorised Signatory

Meena Dodeja (Barot)
D.P.A. B.P.A. M.P.A. & P.G. Nattuvangam in Dance. (M.S. University, Vadodara.)

# Hetvi's Dance Academy

A place where expressions meet passion

**Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023**

**Letter of Consent**

We are delighted to hear the nomination process of 'Garba', a Folk Dance of Gujarat for possible inscription in the Representative list of Intangible Cultural Heritage of Humanity, UNESCO.

Garba is one of the folk dances of Gujarat which is celebrated in all the corners of the world. This divine art form reflects the culture, tradition and rituals of Gujarat. This art form also helps people to cope-up with various mental issues like depression, anxiety and stress. Also the clap, which is one of the important characteristic of this dancehas a therapeutic value. Many people are dependent for their livelihood on this art form.

Garba is one the oldest known folk dance of Gujarat which is practiced till date in various forms and festivals keeping intact the integrity of the dance form.

**Name:**Ms. Hetvi Amit Shah
**Gender:**Female

**Association with the Garba:**Performer since 15 years and choreographer since 5 years

**Address and contact:**10, Bhagyalaxmi park society, b/h AkotaAtithigruh, akota, Vadodara – 390020, Gujarat, India

**Signature and Date:**

09-03-2022

**Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023**

**Letter of Consent**

યુનેસ્કો માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

1) હું વડોદરા નવરાત્રી ફેસ્ટીવલ સાથે સંકળાયેલ છું.

2) આ વી.એન.એફ ના મેનેજમેન્ટ માં સંકળાયેલ છું.

3) ગરબા પ્રત્યે પ્રેમ અને માતાજી પ્રત્યે આસ્થા, એને આપણી પરંપરા જાળવવાના પ્રયત્નો.

4) ગરબા એટલે આખા બ્રહ્માંડ નુ સ્વરૂપ છે - આપણો ઘટ દીપ સુર્ય છે, એને આપણે બધા, ગ્રહો ની જેમ જીંદગી ના ચક્રો ના ફેરા ફરીએ છીએ, એ યાદ કરાવે છે, અને માતાજી આપણે આ જીવન ના ફેરા માં શક્તી આપે છે.

બની શકે તો આપની સંસ્થા નું નામ english માં પણ લખવું.

**Name:** Hiral Dayal

**Gender:** Female

**Association with the Garba:** Avid garba fan and associated with VNF and United way of Vadodra.

**Address and contact:** Harsh 1 A/B Samee soci. no 2, next to Sarkar Aprs Subhanpura Vadodra 390023.

**Signature and Date:**

Hiral Dayal - 9898799934

**Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023**

**Letter of Consent**

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

We are happy to hear of the Nomination process of Garbas of Gujarat for the possible inscrip-tion in the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023. We believe that the Garbas played during the Navratri Festivals in Gujarat for nine days every year is the biggest festival in Gujarat. People including teenager girls, boys, adults, college students, old age persons participate in Garbas. and they enjoy the street garbas, party plot garbas and stage garbas. and enjoy the colorful Garbas. Garbas deserve international recognition & prestige.

Name: INABEN. A. SHAH
Gender: FEMALE

Association with the Garba: NAVRATRI FESTIVALS.

Address and contact: 31, AJITNATH SOCIETY, Nr. WATER TANK, KARELI-BAUG, VADODARA-390018 (GUJ.) M: 9824043117

Signature and Date:

InaShah

Dt: 07/03/2022

નામ: જગપાલ જે. ભરવાડ
Artist (Actor & Dir.)
શહેર: અમદાવાદ
મો.નં.: 70466 85949

**Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023**

**Letter of Consent**

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

હું એક ગુજરાતી છું અને ગુજરાતનું લોકનૃત્ય ગરબા હોવાથી તે મારું લોકનૃત્ય છે જેનો મને ગર્વ છે. ગરબાનું મહત્વ મારા માટે આનંદની સાથે આધ્યાત્મિક રસ મેળવવા માટે વધુ છે. માતાજીની આરાધનાનો આનંદદાયી સરળ રસ્તો એટલે ગરબા. ગરબાનું ઐતિહાસિક તથા ધાર્મિક માહાત્મ્ય એવું છે કે માટીના ગરબામાં 27 કાણા હોય છે. ગરબો એ બ્રહ્માંડનું અને 27 કાણા એ બ્રહ્માંડમાંના 27 નક્ષત્રો અને 27 આકાશગંગાના પ્રતીક છે ગરબા રમવાની સાચી રીત માટીના ગરબાને વચ્ચોવચ્ચ રાખી તેને ફરતે ઘુમવું તે છે. માટીના ગરબામાં પ્રજ્વલિત જ્યોત તે પ્રકાશ / ઈશ્વરીય ઊર્જાનું પ્રતીક છે; અર્થાત્ આપણે તે ઊર્જાનું સન્માન કરતા તેને ફરતે ઘુમવાનું હોય છે. ગરબા ગુજરાતનો અમૂલ્ય વારસો છે, તેને પ્રાધાન્યતા મળવી જોઈએ.

**Name:** Jugpal J. Bharvad

**Gender:** Male

**Association with the Garba:** Artist (Actor & Director)

**Address and contact:** 606, Swapneel Apart., B/h. Ladlee Junction, Near Akhbar Nagar Soc., Nava Wadaj, A'bad.-380013.
Mo. 70466 85949

**Signature and Date:** Dt. 09/03/2022

# SHREE AVISHKAR EDUCATION TRUST, BARWALA

AT. BARWALA, DIST :- ~~AHMEDABAD~~ BOTAD, GUJARAT- 382450,
Mo. :- 9825157229 Jaypalsinh Zala


O.W. :-

DATE :- 09/03/2022

Letter of consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023

Letter of consent

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

'ગરબા એ ગુજરાતની ઓળખ'

પ્રાચીનતમ સંસ્કૃતિથી ગુજરાતમાં ગરબાનું ખૂબ મહત્વ રહેલું છે, વર્તમાન સમયમાં ગરબો એ વિશ્વ વિખ્યાત થયો છે. તેના કારણે ગરબો ગુજરાતની ઓળખ કહી શકાય. ગુજરાતના ગરબા વિશે જેટલો અભિપ્રાય આપીએ તેટલો ઓછો પડે. ભારતની સિંધુ સંસ્કૃતિમાં પણ ગરબાના અવશેષો પ્રાપ્ત થયા છે. સિંધુ સભ્યતાથી જ ગુજરાતમાં શક્તિ ઉપાસના, શક્તિપૂજાનું મહત્વ રહેલું છે. ગરબો મૂળ શબ્દ ગર્ભ ઉપરથી ઉતરી આવ્યો, શક્તિ પૂજાના પ્રતિક સ્વરૂપે માટીના છિદ્ર વાળા ઘડામાં જ્યોત પ્રગટાવી શક્તિ પૂજા, પૂજાભક્તિ થતી. કાળ ક્રમે સ્ત્રીઓ વિશેષ શક્તિ ઉપાસના માટે ગરબો વર્તુળાકારે ગાવાની સાથે તાળીઓ વડે તાલબદ્ધ રમતી થઈ. જે સમય જતા ગુજરાતમાં અલગ-અલગ પ્રદેશ પ્રમાણે ગરબાના સ્વરૂપોએ આકાર લીધો, પારંપારિક ગરબો, પ્રાચીન અને કવિઓ દ્વારા લખાયેલી રચનાઓ અર્વાચીન ગરબા કહેવાયા, આમા ભિન્ન-ભિન્ન પ્રદેશ. જાતિ પ્રમાણે લહેંગા, પોશાકો જોવા મળે છે. આમ ગુજરાતનો ગરબો આજે વિશ્વમાં ખૂબ પ્રસિદ્ધ થયો અને ગુજરાતની ઓળખ બન્યો.

જયપાલસિંહ. વી. ઝાલા

આયોજક ટ્રસ્ટી
આવિષ્કાર એજ્યુ. એન્ડ ચેરી. ટ્રસ્ટ
બરવાળા (ઘે)

# Sanskruti Theatres, Vadodara

C/96, Sukrutinagar Society, Near Manav Mandir Society, Diwalipura, Vadodara -390015
M : 9925032603/ 9879816611 E mail : stheatre1@yahoo.com Reg. No. : E/ 6628/Vadodara

---

6/03/2022

Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023

Letter of Consent

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમીનેશન પ્રક્રિયા વિષે સાંભળીને અમને આનંદ થયો.

ગરબા, એ ગુજરાતનું લોકનૃત્ય છે. માતાજીની આરાધનાથી માંડીને કૃષ્ણની ભક્તિ અને લોક પરમ્પરાના ગરબા નવરાત્રીના નવ નવ દિવસ સુધી ગુજરાતમાં ગવાય અને રમાય છે.

મૂળ ગરબો એટલે કે કાણા વાળો ગર્ભ અને એની અંદર મુકેલ દીવો એ બ્રહ્માંડનું પ્રતિક છે. આમ, ગરબો સમગ્ર સૃષ્ટિના શુભ લાભ માટેની નૃત્ય આરાધના છે. અને તેને યુનેસ્કો જેવી વૈશ્વિક સંસ્થા દ્વારા નોમીનેશન અપાય તે યોગ્ય અને જરૂરી છે.

વડોદરામાં પારંપારિક ગરબા ખુબ જ લોકભોગ્ય છે. નવરાત્રી તહેવારની નવ રાત્રીઓ દરમ્યાન એક એક સ્થળે હજારોની સંખ્યામાં અબાલ વૃદ્ધ સ્ત્રી પુરુષો તન્મય થઈને, પારંપારિક ઢબે ચાર - પાંચ કલાક સુધી ગરબાના તાલે ઘૂમે છે. આ દ્રશ્ય અહ્લાદક હોય છે. આ ઉપરાંત, કોરેઓગ્રાફી (નિર્દેશિત) ગરબાના કાર્યક્રમ કરતી સંસ્કૃતિ થીયેટર્સ જેવી સંસ્થાઓ પણ રંગમંચ પર ગરબા કાર્યક્રમ કરી પ્રેક્ષકોનું મનોરંજન કરી આ પારંપારિક નૃત્ય કળાની ધરોહર જાળવવાનું કાર્ય કરે છે.

Name : Jayashree Dani & Chitrangada Dani Jayshree. R. Dani

Gender : Female

Association with the Garba : For last 45 years

Address & Contact : Sanskruti Theatres
C/96, Sukrutinagar
Diwalipura, Vadodara - 390015

# શિવરંગ સંગીત એકેડમિ

**Letter of consent for the nomination of garba of gujarat for possible inscription on the representative list of intangible cultural heritage of humanity, UNESCO in 2023.**

## Letter of consent

યુનેસ્કો માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધી યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

અમને સૌ ગુજરાતીઓને ગર્વ થાય છે કે, ગરબા એ ગુજરાતીઓનું અભિન્ન અંગ છે અને આજે જ્યારે ગરબા વિશ્વ ફલક ઉપર એક અદ્ભુત અને ગૌરવાન્વિત યાદીમાં સામેલ થવા જઇ રહ્યું છે જે એક સાંસ્કૃતિક, સામાજિક, ધાર્મિક તેમ જ ઐતિહાસીક પળ છે. સર્વ રીતે ગુજરાતીઓના હ્રદય-મનમાં સ્થાન મેળવીને વિશ્વના અગણિત દેશોમાં ભાષાને પર રાખીને સૌનો પ્યારો ગરબો બન્યો છે. જેને રમવા, માણવા, જાણવા સૌ ઉત્સુક હોય છે.

ગરબાને યુનેસ્કોમાં સ્થાન મળે તે માટે અમારી પાસે ગરિમામય રજૂઆત છે. ગરબા એ **500**થીય જૂની લોકકળા મનાય છે. તેના માટેના સાહિત્ય કે ઇતિહાસમાં જણાવાયું છે કે માતા પાર્વતિએ ગુજરાતની દ્વારિકા નગરીની સ્ત્રીઓને લાસ્ય નૃત્ય રૂપે ગરબો શીખવ્યો હતો. ગરબા તે નવશક્તિની આરાધના રૂપે કરવામાં આવે છે. જેનાથી શક્તિનો સંચાર થાય છે અને માનવીને દ્રન્યવિ ચિજોનો સામનો કરવાનું બળ મળે છે. સંસ્કૃત શબ્દ ગર્ભદિપ તે ધરતી ઉપર પ્રકાશ પાથરે છે. ગરબો ઉર્જાનો સ્ત્રોત છે જ્યાં તાલબદ્ધ તાળીઓ દ્વારા એક ગોળાકાર હલનચલનની જુદીજુદી ઝડપથી તેની ઉંચાઇએ પહોંચે છે. જેમાં એકથી લઇ અને વાજિંત્રો સામેલ હોઇ તેના પોષાક રંગબેરંગી અન્યને આકર્ષણ થાય તેવા છે. ગુજરાતીઓના ધાર્મિક, સામાજિક, ઐતિહાસિક મેળામાં સંસ્કૃતિના દર્શન કરાવે છે. ગરબો તે આધ્યાત્મિક તાદામ્ય સાધવામાં પણ મહત્વ ધરાવે છે. જે રિતીરિવાજ અને પરંપરાગત સાંસ્કૃતિક વારસાનું આગવું સ્થાન ધરાવે છે.

સૌ ગુજરાતીઓ માટે ગરબો એક અનન્ય માનવતાના મૂર્ત વારસાની યાદીમાં સામેલ થાય અને પૃથ્વિ પર અખંડ રહે.

Jitiksha. J.R.Upadhyay

**Name and Signature**

**Gender** : Female

શિવરંગ સંગીત એકેડમી
૨૨, રામેશ્વર સોસાયટી, નાગેશ્વર મંદિર સામે,
હરણી રોડ, વડોદરા-૬
(M) : 9586896028

Director : Jitiksha R Upadhyay (MPA, Dance, Bharatnatyam, Goldmedalist)
22, Rameshwar society, Harni Road, Vadodara-390006, Gujarat, India.
Phone : +91-9586896028, E-mail : jrtu82@gmail.com

Ms. Juthika Mahen
Former H.O.D,Dance
Faculty of Performing Arts
The Maharaja Sayajirao University Of Baroda
Vadodara

Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023
Letter of Consent

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

Garba is a very old form of dance of Gujarat performed in circle by clapping the hands three Taalis, two Taalis in rhythm with percussion instruments following the songs sung in praise of Devi, Mataji. Garba has become global and it's performance is always fascinated. Originally it was performed during Navratra gradually it started to be performed during social functions like marriages, parties etc. Garba is the only group dance in the world where thousands of dancers of any cast, section, religion, age Dance together at a time. Now, it is a time that Garba is on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023.

Name: Juthika Mahen

Gender: Female

Association with the Garba:
Associated with normal Navratri Garba since childhood, then gradually performed in choreographed Garba on the stage and then self choreographed Prachin ,Arvachin, creativ Garba for competition and cultural programs etc.

Address and contact: 22, Neel Tarang Society
New Sama road near GIPCL HOUSE
Pin No: 390008
Phone number : 9898346424

Signature and Date: Juthika Mahen

06.03.2022

# <u>Letter of Consent</u> for <u>the</u> <u>nomination</u> <u>of</u> <u>Garba</u> for possible inscription on the Representative List of <u>Intangible</u> <u>Cultural</u> <u>Heritage</u> <u>of</u> <u>Humanity</u>, <u>UNESCO</u> in 2023

## <u>Letter of Consent.</u>

યુનેસ્કો, માનવતાનાં અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતનાં ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

'ગરબો' શબ્દ 'ગર્ભ' માંથી ઉત્પન્ન થયો છે. સમસ્ત બ્રહ્માંડનું ગર્ભ એટલે 'ગરબો'. બ્રહ્માંડની શક્તિ આ ગરબો રૂપે સ્થાપિત થયેલ છે. આમ, સમસ્ત સૃષ્ટિનું નિર્માણ જે શક્તિ માંથી થયેલ છે તે આદ્ય-શક્તિ રૂપે ગરબાં માં સમાયેલ છે. ગરબો અતિ પ્રાચીન માનવામાં આવે છે. હિન્દુ-ધર્મ પ્રણાલીમાં માતાજીની શક્તિ અને ભક્તિનું દર્શન એટલે ગરબો, જે વિવિધ સ્વરૂપે જોવા મળે છે, માટીનો, તાંબાનો, સોના અને ચાંદીનો ગરબો પણ જોવા મળે છે. જેમાં રહેલાં છિદ્રો જે ૧૦૮ હોય છે, જે સમગ્ર સૃષ્ટિની સંરચના દર્શાવે છે. ગરબો વિવિધ રૂપે રજૂ કરાય છે, નાગરોના બેઠા ગરબા, પુરૂષો વડે ગવાતી ગરબી, માથા ઉપર દિવા પ્રગટાવી માંડવડી લઈ ગોળ-ગોળ ઘુમી ગવાતા ગરબા. આમ, ગરબામાં તાલીગરબા, રાસ-ગરબા, દંડ ગરબા, ઈંઢ ગરબા અને લલિત ગરબાં વિવિધ રૂપે રજૂ કરાય છે. આદ્ય-શક્તિ માં પાર્વતીએ દ્વારિકામાં ઓખા-અનિરૂદ્ધ ને ગરબા-લાસ્ય નૃત્ય શીખવ્યું જે ગુજરાતમાં પ્રચલિત થયું અને ગરબા સ્વરૂપે પ્રસ્થાપિત થયું. હિન્દુ-શાસ્ત્રમાં વર્ષમાં ચાર નવરાત્રી આવે છે જેમાં આસો-શરદનવરાત્રી માં માની આરાધના ગરબે ઘુમીને કરવામાં આવે છે, જેમાં <u>'આનંદનો ગરબો'</u> ખૂબ પ્રચલિત મનાય છે. ગરબા ગાવાથી મનુષ્યની શ્રદ્ધા-ભક્તિ અને બળ વધે છે. જેનાથી સમગ્ર સંસાર-સૃષ્ટિ પર માંના આશિર્વાદ-વરસે છે.

Name :- Kalyani JayKumar Pandya

Gender :- Female

Association with the Garba :- Shiv-Ganesh Garba-Mandal. Thaltej - A'bad.

Address and contact :- 108, Shiv-Ganesh-Bunglows, Opp. Zydus Hospital Thaltej - Amadavad. - 9925759595.

Signature and Date :- K.J. Pandya. / 07-08-2022

**Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023**

**Letter of Consent**

I am delighted to hear about Gujarat's Garba nomination process for a possible inscription on the UNESCO Representative List of the Intangible Cultural Heritage of Humanity.


Garba is dance form native to west Indian state of Gujarat, performed in October to honour the Hindu Deity of Divinity, Goddess Durga. Though Garba is Mainly an event for Navratri celebration, this joyful folk dance is performed on almost every special occasion in Gujarat as a sacred tradition.
The term "Garba" comes from the Sanskrit word meaning "womb" or "deep" and bears a deep symbolic interpretation. Originating in Gujarat, this folk dance was first held in Vadodara, a city which is now regarded as the culture capital of Gujarat due to its robust religious influence. Garba is also known as *Garbha, Garbha Deep and Garbhi*, varying with local dialects of language. The dance celebrates fertility and is performed as a tribute to womanhood.
The Garba dance is performed around a lantern, a vessel which represents the human body carrying the soul within. As dancers revolve around it in concentric circles, just how Hinduism depicts that time is a cycle, Garba showcases the infinite nature of birth, death and reincarnation. While the entire universe evolves and changes, Goddess Durga and her power within the souls of the dancers is eternal.
In Hindu mythology, when Goddess Durga defeated Evil, Navaratri was celebrated to commemorate her victory and Garba was an integral part of expressing the deity's power. In the destruction she has caused on her venture for peace, her sword was the most propitious weapon in wielding rage onto the demons. Dandiya sticks used in Garba signify the goddess' sword and invincibility.
Garba is layered with symbolism of the feminine divine and cyclical nature of life. Garba is a dance that honors, worships and celebrates the feminine form of divinity.

Name: Khyati G Prajapati

Gender: Female

Association with the Garba:

Address and contact: A502 Sakat valley new chandkheda Ahmedabad 382424

Signature  Date : 06/03/2022

Nartan Kala Kendra

101, Aanandghar Flats, Nr. Pranav Soc., Manjalpur,
Vadodara - 390004, Cell : +919974087410

Letter of Consent for the nomination of ~~Gujarat~~ Garba of Gujarat for possible inscription on the representative List of Intangible Cultural Heritage of Humanity.

UNESCO IN 2023

Letter of Consent.

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

ગરબા અને ગુજરાતીઓનો અતૂટ સંબંધ. જન્મથી જ ગરબા સાથે એક લગાવ હોય. ગરબો મારો સૌથી પ્રિય. અને એને પ્રચલિત કરવા માટે હું સંપૂર્ણપણે કાર્યરત. ગરબાની જાળવણી માટે ગરબાની પ્રસ્તુતિ, કોરિયોગ્રાફી, વર્કશોપ, હરિફાઈ દરેકમાં કાર્યરત છું. પરફોર્મર છું છેલ્લાં ચાલીસ વર્ષોથી ગરબા સાથે સંકળાયેલ છું. પહેલા પરફોર્મર પછી કોરિયોગ્રાફર અને ત્યાર બાદ હરિફાઈઓમાં નિર્ણાયક તરીકે. ગરબો એ અમારું ગૌરવ છે તે ધાર્મિક રીતે પણ તેની સાથે સાથે શક્તિની આરાધના સંકળાયેલ છે એટલે ભક્તિભાવ નો પ્રવાહ પણ છે. આ શારીરિક કસરત, માનસિક શાંતિ મળે છે. જેમ કુદરત ગોળાકારમાં ફરવામાં થાય છે. ગરબો એટલે ગર્ભદીપ. ઘણા બધાં લોકો ભેગા થઈને સામાજિક + ધાર્મિક પ્રસંગો ફરવામાં આવે છે. ખાસ કરીને નવરાત્રિમાં ગરબો ફરવાની પ્રસંગો ફરવામાં આવે છે. હું શીખવવામાં આનંદ જ કંઈક અલગ છે.

આભાર.

Name: Maithili Desai
Gender: Female
Assciation with the Garba: Nartan Kala Kendra. teacher, choreographer.
Address & contact: 109, Anandghar Flats, Nr. Pranav Soc, Manjalpur, Vadodara. 390004, Gujarat
Mob: 9974087410 / 407

Nartan Kala Kendra
Maithili Desai.
Proprietor
6/3/2022

**Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023**

**Letter of Consent**

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

૧) હું વ્યક્તિગત રીતે ગરબા તથા ગરબા આયોજક શ્રીપલ ગ્રુપ સાથે ખૂબજ અંગત રીતે સંકળાયેલ છું. આ ગ્રુપ નવરાત્રી તથા તહેવારો માં ગરબાનું આયોજન કરે છે, તે પણ પારંપરાગત રીતે.

૨) આ સમગ્ર પ્રસંગ તથા આયોજન ની જવાબદારી તથા સુરક્ષાના બધાજ પાસાઓ સાચવ લે છે.

③ મારા જ પ્રત્યેની શ્રદ્ધા અને પ્રેમ અને આ અદભુત પારંપરાગત ગરબા મહોત્સવ તરફ આકર્ષે છે.

④ મારી દ્રષ્ટિએ ગરબા એટલે રૂપ અને જગત જનની 'માં' એક મેક માં તલ્લીન થઈને ગરબા સ્વરૂપે હિંદુ સંસ્કૃતિ નો ઉજાગર કરતો મહોત્સવ.

બની શકે તો આ□ની સંસ્થા નું નામ english માં □ણ લખવું.

**Name:** MAYURI S. MISTRY

**Gender:** F

**Association with the Garba:** Have been to Garba events as a Judge, Chief guest & participant

**Address and contact:** 701/B, OAKWOOD APTS Vasna Bhayli Road Vadodra. – 9824129741

**Signature and Date:** M.S. Mistry 5/3/22.

ॐ

# AUM SHIV SANSTHA

(Amateur Group)

" We Delivar Joy & Peace Thrugh Art and Culture "

Since 1973

Date :

**Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023**

**Letter of Consent**

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

Garba is a dance form of the Gujarat, performed on almost every special occasion in Gujarat to **honour the Hindu Deity of Divinity, Goddess Durga**. Garba performers are typically women and young girls. Acclaimed worldwide in recent times, Garba empowers people by preaching the presence of divine energy within every human being. In Hindu mythology, when Goddess Durga defeated Evil, **Navaratri** was celebrated to commemorate her victory and Garba was an integral part of expressing the deity's power. It shows energy, power ,joy and light of women empowerment . I believe that this dance form connects you with mother earth and the Goddess. Garaba is beyond language, religious and region. In 1973 we made our debut as a group of performing arts, " (Amateur group )Aum Shiv santha " as a part of art and culture loving society. To inculcate the aptitude for Indian culture and art, to impart training and coaching of GARABA and RASS to artist's, to promote artist's to present their art before the public, to assist in social services are the principal objectives of the organization. My group has performed the GARABA dances in many national events at" Rastriya lokrang Mahotsav ,Somnath" , Rashtriya Sanskrutik Mahotsav and BHARAT PURVE ,Delhi, Desert festival, Jaisalmer, Summer & winter festival at Abu, Mira Utsav, Run utsav kutch, Vibrant Gujarat, International Beach festival at Jagannath Puri, "Chalo man Ganga tire " at Allahbad , Patang utsav and also before the guest of Foreign Countries delegates. I also conduct GARABA workshop across the country for training young boys and girls. We deliver Joy & Peace through GARABA& RASS since 49 years. We have performed more than 1500 program in 19 States of India.

**Name: Mayuri Pandya**
**Gender: Female**

**Association with the Garba: 49 years**

**Address and contact: Near Shivaji circle,Behind Jesis Bhavan,Krishna tenament -1,Bhavanagar,9974183838**

**Signature and Date: 08/03/2022** Mayuri Pandya

**NITIN DAVE** M. 09426703453 • E-mai : neetindave@rediffmail.com
Shree Valavdi Niwas, Besides Jaysisbhavan, City Ring Road,Near Shivaji Circle, BHAVNAGAR.
URL : www.aumshiv.com

Scanned by Scanner Go

नियति

Niyat
sanskruti
par

76, Anand Bhavan, Mukti Medan, Maninagar, Ahmedabad - 380 008.
Harendu Dave (Director) M. : 9825647161 E-mail : haresat_dave@yahoo.c
Nalini Dave (Niyati) Dy. Director & Choriographer) M. : 6351691507

**Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023**

## Letter of Consent

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

'ગરબો' એ ગુજરાતની આગવી ઓળખ છે. ગુજરાતનાં લોકનૃત્યનું એક આગવું લોકધન છે. 'ગરબો' એટલે જેમાં ઝાંઝરનો ઝમકાર છે, ચૂડીઓનો રણકાર છે, તાળીઓની રમઝટ છે, બાલિકાઓનું નર્તન છે.

માડીના કંકુવર્ણાં પગલાંનો પગરવ એટલે 'ગરબો.' મા આદ્યશક્તિની પૂજનો ઉત્સવ છે, એટલે કે ભક્તિવિષયક છે. સાથે સાથે સમાજનાં પ્રત્યેક સ્તરના અદના માનવીની આગવી કલા છે. સહકારની ભાવના છે. આમ સંઘ જીવનનાં આનંદોલ્લાસના પ્રતીક સમો 'ગરબો' ચિરંજીવ છે.

દેશનો ઈતિહાસ પણ કેટલાક ગરબામાં ગૂંથાઈને ગામડે ગામડે પ્રવાસ કરી, લોકમત કેળવી, પ્રજા જાગૃતિ કેળવવામાં મદદરૂપ થતાં. દા.ત. વિમળશાનો ગરબો, અમદાવાદનો ગરબો, મેનાગુર્જરીનો ગરબો વિગેરે. જેમાં સામાજિક યાતનાઓ, રાજાઓની કુદૃષ્ટિ, અધિકારીઓનાં જુલમ જેવી અનેક વાતોને 'ગરબા' દ્વારા વાચા મળી છે.

'ગરબાની રચનામાં માત્ર પૌરાણિક વિષયોને જ સ્થાન મળ્યું છે એવું નથી. તેમાં સામાજિક જીવનમાં બનતી વિવિધ પ્રકારની ઘટનાઓને પણ વણી લેવાઈ છે. નારીજીવનનાં સુખ-દુઃખ, દુકાળના દાવાનળની ભયાનકતા, સાસુ-નણંદ-જેઠ-દિયર વગેરે સાથેની રોજબરોજની ઘટનાઓ અને કેટલાંક વિનોદી પ્રસંગોને પણ ગરબામાં ગૂંથી લેવાયાં છે.

આમ 'ગરબો' શબ્દ એ ગુજરાતનો પર્યાય બની ગયો છે.
"જ્યાં જ્યાં ગુજરાતીઓનો વાસ ત્યાં છે ગરબાનો આવાસ"

Name: નલિની હરેન્દુ દવે. (નિયતિ દવે) "ગૌરવ પુરસ્કૃત" કલાકાર.
Gender: સ્ત્રી. Female.
Association with the Garba: Niyati Sanskrutic Parivar.
Address and contact: 76, Anand Bhavan, Mukti Medan, Maninagar, Ahmedabad : 380008.
Mo: 6351691507
Signature and Date;
[signature]
૧|3|૨૦૨૨.

રજી. નં. એ/૧૯૭૮/ભાવનગર

# જય બહુચરાજી શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ

કાળાતળાવ (ભાલ), તા. જી. ભાવનગર. મો. ૯૫૭૪૭૪૬૬૦૧.
E-mail : jaybsct999@gmail.com, Blog : jbsctkalatalav.blogspot.in

રેફ. નં. તા. - -

## Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023 - Letter of Consent

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

ગરબા મુખ્યત્વે ગુજરાત, ભારતનો ખૂબ લોકપ્રિય ધાર્મિક લોકનૃત્યનો ઉત્સવ છે. ગરબા આસો માસની શુક્લ પક્ષની એકમથી નોમ સુધીની તિથિઓ દરમ્યાન ગવાય છે. આ રાત્રીઓ નવરાત્રી તરીકે જાણીતી છે. આ નૃત્ય દ્વારા માં બહુચર ,અંબા, મહાકાળી, ચામુંડા વગેરે દેવીઓની આરાધના કરવામાં આવે છે. આ ભારતના સૌથી જાણીતા તહેવારોમાંનો એક છે

પ્રાચીન ગરબો ટકાવી રાખવો એ આજના યુગ માં પડકાર રૂપ છે. છતાં સતત ૪૦ વર્ષ થી પ્રાચીન ગરબા ની પ્રસ્તુતિ કરી હજુ પણ પ્રાચીન ગરબા ને જીવંત રાખવો એ આપણા માટે ખૂબ મહત્વપૂર્ણ છે

ઈ.સ. ૧૭૨૧માં ભાણદાસજીએ રચેલી ગરબી;
"ગગનમંડળની ગાગરડી ગુણ ગરબી રે, તેણી રમિ ભવાની રાસ ગાઉં ગુણ ગરબી રે;" મળે છે.
અને ઈ.સ. ૧૭૮૦માં વલ્લભ મેવાડાએ રચેલો ગરબો;

"ગગનમંડળ કરી ગાગરીરે મા, સકલ શોભા ભરી રે મા." મળે છે.
આ પહેલાંનું, આ વિશેનું, અન્ય સાહિત્ય હજુ મળેલું નથી. વલ્લભ મેવાડો પ્રાચીન ગરબાઓના પર્યાયરૂપ ગણાય છે. તેના ગરબા (ગરબારૂપે લખાણ)નું કેન્દ્ર માતાની પ્રગટ ભક્તિ છે. "મા તું પાવાની પટરાણી.." એ તેનો અતિપ્રસિદ્ધ પ્રાચીન ગરબો છે. આ ઉપરાંત કડીના સાંકળેશ્વર, જુનાગઢના દીવાન રણછોડજી, શામળ, પ્રેમાનંદ, દયારામ, પ્રીતમ વગેરે સર્જકોએ ગુજરાતીમાં ગરબા અને ગરબીઓ આપ્યા છે.

જય બહુચરાજી શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ (JBSCT) કાળાતળાવ પ્રાચીન ગરબા સંસ્થા ,સંસ્થાપક શ્રી નાથાભાઇ દેવજીભાઈ ચુડાસમા ના નેતૃત્વ હેઠળ કામ કરે છે, તથા ઢોલી અને કોરિયોગ્રાફર શ્રી વિક્રમભાઈ ચુડાસમા ઢોલ ના તાલ ની સાથે સાથે સંપૂર્ણ ગરબા નું કોરિયોગ્રાફ પણ કરે છે, અને સોળ બહેનો નું જૂથ હાથ ની તાળીઓ ,પગના ઠેગા વડે સંપૂર્ણ ગરબાને લય બદ્ધ બનાવી સુંદર પ્રાચીન ગરબાની પ્રસ્તુતિ કરે છે

**Name:NATHABHAI DEVJIBHAI CHUDASAMA**

**Gender:MALE**

**Association with the Garba:director**

**Address and contact: bhavnagar .kalatalav 9033217769**

**Signature and Date:** નાથાભાઇ દે.ચુ. તા- ૭/૩/૨૦૨૨

પ્રમુખ
જય બહુચરાજી શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ
રજી. નં. એ/૧૯૭૮/ભાવનગર
મુ. કાળાતળાવ, તા. જી. ભાવનગર.

Scanned with CamScanner

# SHREE PANCHAL RAS MANDAL

Vasuki Plot, THANGADH, Surendranagar-363530
Mo.8734009086, 9510000979 Emai: yogeshpatadiya1983@gmai.com

**Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023**

**Letter of Consent**

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

ગરબો શબ્દ ગર્ભદીપ પરથી બન્યો છે. જેનો અર્થ ઘડામાં મુકાયેલ દીવો એવો થાય છે ગરબો એ ગુજરાતના અતિપ્રાચીન લોકનૃત્યનો પ્રકાર છે. ગુજરાતમાં આસો માસની નવરાત્રી દરમિયાન ગરબા ગાવામાં આવે છે. આ ગરબા ગાતી વખતે તેમા સ્ત્રીઓ સરસ મજાના ચણીયા-ચોલી પહેરીને અને પુરુષો કેડીયા ચોયણી બોરી-બંડી પહેરીને ગરબાની રમઝટમાં જોડાય છે અને બન્ને સાથે મળીને અને સમૂહમાં રાસ રમે છે. એકતાળી, ત્રણતાળી, તાલીચપટી. એ ગરબાના પ્રકાર છે. ગરબો એ ગુજરાતીઓના જન્મ થી જ વારસામાં કે લોહીમાં આવેલ એક પ્રકારનું નૃત્ય છે. હુ પોતે યોગેશભાઈ પાટડીયા આ પ્રવૃતિ માં ૨૫ વર્ષ થી ભાગ લવુ છુ અને ગરબા ગ્રુપ ચલાવુ છે. જેમાં અમારે ગુજરાત સરકાર દ્વારા સાંસ્કૃતિક પ્રોગ્રામોની ઉજવણીમાં હુ પોતે મારા ગ્રુપ સાથે ભાગ લવું છુ અને પોતે રાજ્ય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ આપણા ગુજરાતના સાંસ્કૃતિક વારસાનું નામ આગળ લઈ ગયા છે તેમા અમે હુડારાસ, ડોકારાસ તથા ગોફ ગુંથરાસ ગૂંડળી રમીએ છે. હુડારાસ એ અમારા ગ્રુપના જાણીતા રાસ છે. આ રાસ ભરવાડ રાસ તરીકે ઓળખાય છે.

**Name:** પાટડીયા. યોગેશ. પી.
**Gender:**
**Association with the Garba:** પાટડીયા. યોગેશ ગ્રુપ લીડર.
**Address and contact:** અનુશેઠ ની વાડી થાનગઢ. સુરેન્દ્રનગર.
**Signature and Date:** 06/03/2022

મો : ૮૭૩૪૦૦૯૦૮૬
૯૫૧૦૦૦૦૯૭૯

પંચાળ સાંસ્કૃતિક ગ્રુપ
પ્રમુખ ઉપપ્રમુખ
યોગેશભાઈ પા.

**Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023**

**Letter of Consent**

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

યુનેસ્કો દ્વારા ગુજરાતની પરંપરા ગરબા ઉપર આ પ્રોજેક્ટ દ્વારા એમના પ્રયાસ રહ્યા છે તે એક અલૌકિક કાર્યવાહી છે. ગરબો એટલે ગુજરાત અને ગુજરાત એટલે ગરબો, જ્યાં માતાજીની આરાધના કરવાની સાથે ઘણા બીજા પાસા જોડાયેલા છે જેમકે સુરતાલ, લય, વાદ્ય અને મુક્ત મન મૂકીને હિલોળે ચડવું. આ આધુનિક યુગમાં જ્યારે બધું મશીનરી દ્વારા અને અવનવા ઉપકરણો દ્વારા થતું હોય તેવા યુગમાં ગરબાને યુનેસ્કો દ્વારા યાદ કરવામાં આવે તે કોઈ પણ ગુજરાતી માટે ગૌરવની વાત છે.

આ કાર્યમાટે યુનેસ્કો અને યુનેસ્કો સાથે કાર્ય કરતા સાથીઓને હું એક ગુજરાતી તરીકે જેની નસેનસમાં ગરબો વસે છે તેની રૂએ બિરદાવું છું. અને પોતાને આંતરરાષ્ટ્રીય સ્તરે સન્માન મળ્યું હોય તેવી અનુભૂતિનો આનંદ ઉઠાવી રહી છું. ફરી એકવાર, યુનેસ્કોને એમના આ નવા પ્રોજેક્ટ માટે અભિનંદન પાઠવું છું. જયભારત. જય જય ગરવી ગુજરાત.

**Name:** પૂર્વા પંડ્યા.

**Gender:** નારી જાતી.

**Association with the Garba:** બાળપણથી ગરબા સાથે જોડાયેલા અને યુનાઈટેડ વે ઓફ વડોદરા માં ગરબા મહોત્સવ વખતે ઘણા વર્ષો કર્યા ઉજવણી.

**Address and contact:** 5/A - સેવાગ્રામ સોસાયટી, નિઝામપુરા, વડોદરા-૩૯૦૦૦૨

**Signature and Date:** ૭/3/૨૦૨૨

NrityRagini
a life with the dance...!!!
PERFORMING ARTS
5th Floor 511-512, Navrang Complex, Navrang Cinema Road, Raopura, Vadodara

## Letter of Consent for the nomination of Garba of Gujarat for Possible inscription on the Representative list of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023

## Letter of Consent

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો. દરેક ગુજરાતી જન્મે ત્યારથી ગરબા સાથે જોડાયેલ હોય જ. ગરબા એ મારા જીવનમા ઘણો મોટો ફાળો ભજવ્યો છે. હું છેલ્લાં ત્રણ દાયકાથી ગરબા ના ક્ષેત્રમાં કામ કરી રહી છું. મારી નૃત્ય સંસ્થા નૃત્યરાગીની પર્ફોર્મિંગ આર્ટ્સ માં હું દર વર્ષે ગરબાના વર્કશોપ કરવું છું. ગરબાથી દરેકને માનસિક, શારીરિક અને આધ્યાત્મિક સ્તરે લાભ મળે છે. અને માનવજીવન મા પરિવર્તન આવે છે. હું છેલ્લા ઘણા વર્ષોથી વડોદરાના ગરબાની બ્રાંડ એમ્બેસેડર બની છુ અને ગરબાની તાલિમ પણ આપું છુ. મને આનંદ છે કે હું ગરબા કરી પણ શકુ છુ અને શિખવું પણ છુ.

આભાર.

Name :- Ragini. Jitendrabhai Shah.

Nrity Ragini Performing Arts
Ragini J. Shah.
Proprietor

Gender :- Femle

Association with the Garba :- Choreographer, Tutor and Garba Player last 30 year.

6/03/2022

Address And Contact :- E-10/589 'Ashirwad', Radha Krishana pole-1, Rajmahal Road, Vadodara, GUJARAT, INDIA

M.: 8238312153 | E-mail : raginishah1981@gmail.com | Web. : www.nrityragini.com

Scanned by TapScanner

www.ratilalkanso.com

**Ratilal Kansodaria | Sculptor**

7/A, Shilpan Bungalow, Opp Tirupati School,
Nr Chandlodia Lake, Chandlodia,
Ahmedabad-382481, Gujarat, India
Cell: +91 98 7979 5107 | Res: +91 90 9959 5861
Email: ratilalkansodaria@gmail.com

<u>Letter of Consent</u> 5-03-2021

We are delighted to hear about the nomination process of Garba of Gujarat for possible inscription on the Representative list of Intangible Cultural Heritage of Humanity, UNESCO.

હું રતિલાલ કાંસોદરિયા EX પ્રિન્સિપાલ - શેઠ C. N. કોલેજ ઓફ ફાઈન આર્ટ્સ- અમદાવાદ. મારો જન્મ રાજકોટ જિલ્લાના પ્રેમગઢ ગામમાં થયેલ. મારું ગામ ઉત્સવ પ્રિય રહેલ હોવાથી ગરબા પ્રત્યેનું આકર્ષણ ઓસર્યું નથી. જે મને શહેરમાં પણ ખુશ રાખે છે

– અમદાવાદ શહેરમાં યોજાતા ગરબામાં દરેક આયોજકો પૂર્ણ આદરથી ગરબા પ્રત્યેના ગરિમાં, શુદ્ધતા લોકોમાં જળવાઈ રહે તે હેતુથી ખેલૈયાઓના સલામતિ અને સ્વાસ્થ્યનો ખ્યાલ કરાય છે.

– ગ્રામ્ય માહોલમાં માણેલાં ગરબાની મજા હજું પણ ઓસરી નથી આ પર્વ સાચારૂપમાં માં દુર્ગાને રીઝવવાનું, તેની પ્રસન્નતા હાંસલ કરવાનું અને મન-તન શક્તિ સ્ફૂર્તિ ભર્યું કરવાનું છે, વળી, એક સામટા ગામે તેડાં સમુદાય સાથે તાલ-મેલ મેળવવાનું છે મારું સૌભાગ્ય છે કે, મને ગરબા સદા ગરવા લાગે છે.

ગરબાનું પૌરાણિક માહાત્મ્ય - યુગો જૂનું છે. જેમાં માં એ પૃથ્વી પરના અસૂરોનો સંહાર કરીને પૃથ્વી પરના ગંદગી દૂર કરી આપીને માનવ પર અપાર ઉપકાર કર્યાના યાદમાં દર માનવ નાચી ઉઠે છે. તેના ગુણગાન ગાવા માંડે છે જે આગળ જતા તાલે ગરબા રૂપે ઓળખાય છે.

જયહો અંબે, જય ગુજરાત - જય ગરબા

Ratila Kansodaria

**Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023**

**Letter of Consent**

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

છેલ્લાં 5,000 વર્ષની પરંપરાથી પ્રાપ્ત થયેલી ગુજરાતની આગવી કળા તે ગરબો. જેનામાં ગરબા-ગીતના સૂર ન વહેતા હોય તેવી ભાગ્યે જ કોઈ ગુજરાતણ હશે.

કૃષ્ણભક્તિ પ્રાચીન કાળથી ચાલતી આવી છે તો વિરાટ પ્રકૃતિને આદ્યમાતા જગદજનની તરીકે પુરાણ કાળથી સ્વીકારવામાં આવી છે. આમ કૃષ્ણભક્તિ અને આદ્યશક્તિની આરાધના રાસ અને ગરબા સાથે લગભગ સમાંતરે સંકળાયેલાં છે

ગરબે ઘૂમતી વખતે એમાં ભાગ લેનારા કલાકારો વૈયક્તિક આનંદ તો જ છે, પણ એમની કલાને જોનારાં-માણનારાં સહૃદયો હોય તો એમનો આનંદ બેવડાય.

ગરબો ઘરઆંગણાના ચોકમાંથી શેરીમાં આવ્યો અને ગરબાની યાત્રાનો એ પ્રથમ તબક્કો છે

**Name: Riddhi Rathod**

**Gender: Female**

**Association with the Garba: Nupur Dance Academy**

**Address and contact: 7621817557 , Madhapar**

**Signature and Date:** Rathod Riddhi 08/08/22

# SANGITAM ART ACADEMY

## A DANCE ACADEMY by Mrs. SANGEETA CHOKSHI

**Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Harmony, UNESCO in 2023**

**Letter of Consent**

"યુનેસ્કો , માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનીધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને મને આનંદ થયો."

"સંસ્કૃતિ" એટલે સંસ્કારોથી સભર કૃતિ, જે હિંદુ પરંપરાનો વારસો છે.આ સાંસ્કૃતિક વારસો ગુજરાતને ભારોભાર મળેલો છે. આ વાસો ગુર્જર ભૂમિનું ગૌરવ છે.ચાલો, આ સાંસ્કૃતિક વારસાના ઇતિહાસ પર એક નજર નાખીએ.

આઝાદી પહેલા ગુજરાત માં નવાબોનું રાજ હતુ. તે સમયે ગરબા ફક્ત ગુજરાત રાજ્ય સુધી જ સીમિત હતાં. મા અંબે ના ગરબા સિવાય ભજનની સાથે-સાથે દેશભક્તિગીતો તેમજ સામ્રાજ્યવાદ ના વિવાદ રૂપી ગીતોનો પણ સમાવેશ કરવામાં આવતો.પરંતુ આઝાદી બાદ જ્યારે ગુજરાતીઓ પોતાના દાયરા માંથી બહાર નીકળી અન્ય સ્થાનો પર સ્થાયી થયાં ત્યારે પોતાના વારસાની સુગંધ પણ ફેલાવતાં ગયાં. જેમ અગરબત્તીની સુવાસ છુપી રહેતી નથી તેમ આ વારસો પણ ઉજાગર થયો. આમ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા અને ગરબા -રાસ-દાંડિયા નુ અસ્તિત્વ પણ સ્થપાયું. તેનું આયોજન શક્ય બન્યું.

ગરબાનુ આયોજન સમજતાં પહેલાં 'ગરબા'નો શાબ્દિક અર્થ સમજી લઇએ. 'ગરબો' શબ્દ પર ધ્યાન આપી એ તો એમ સમજાયકે, ગર્ભ-દીપથી બનેલો. નવરાતનો સમૂહ એટલે 'નવરાત્રિ' જેમાં મા અંબેની સ્તુતિ કરતાં પહેલા એક માટીનાં છિદ્રો વાળા ઘટની સ્થાપના કરવામાં આવે છે. એમાં ચાંદીના સિક્કા સાથે દીપક મૂકવામાં આવે છે. જેને આપણે 'ગર્ભદીપ' કહીએ છીએ.પરંતુ દીપગર્ભ ની સ્થાપના બાદ તરુણીઓ તેમજ મહિલાઓ રંગ-બેરંગી વસ્ત્રો પહેરી સુસજ્જિત થઇ શક્તિ સ્વરૂપા માની સમક્ષ નૃત્ય કરી તેને પ્રસન્ન કરવાની કોશિશ કરે છે. ગર્ભદીપ સ્ત્રીની સૃજનશક્તિનુ પ્રતીક છે.

હિંદુધર્મમાં ઇશ્વરની આરાધના કરવા માટે ભજન અને આરતી કરવામાં આવે છે. જેને ફક્ત વાંચી જવાની નથી હોતી પણ સંગીત ના સુર-લય – તાલ અને વાજિંત્રો સાથે તેને ગાવામા આવે છે. તે ભક્તિરસથી પરિપૂર્ણ હોય છે. તેમા, મા અંબાની ગવાતી સ્તુતિ પણ ગરબામાં તાળીઓના નાદને લયબદ્ધરીતે સમૂહમાં પ્રસ્તુત કરવું એ એક અનોખું માધ્યમ છે.ગરબા નૃત્યમાં સ્ત્રીઓ તાળી,ચપટી,દાંડિયા અને મંજિરા નો પ્રયોગ કરે છે. અહી સ્ત્રીઓ બે અથવા તો ચારના સમૂહમાં તાલ આપી નૃત્ય કરે છે. અને ગીતને આધારે તેમાં પદ્ધતિસર નૃત્ય કવામાં આવે છે.પરંતુ ગરબામાં વાગતી ત્રણ તાળીઓનું મહત્વ પણ અનોખું છે.

પહેલી તાળી બ્રહ્મા, અર્થાત ઇચ્છા સાથે સંબંધિત છે. બ્રહ્મદેવની ઇચ્છાના તરંગો આખાય બ્રહ્માંડને જાગૃત કરી દે છે. આ મનુષ્યની ભાવનાઓ અને તેમની ઇચ્છાઓ નું સમર્થન કરે છે.

બીજી તાળી ના માધ્યમ થી વિષ્ણુ રૂપી કાર્ય તરંગે પ્રત્યક્ષ રૂપે મનુષ્ય ને શક્તિ પ્રદાન કરે છે.

ત્રીજી તાળી શિવરૂપી જ્ઞાન તરંગો ના માધ્યમ દ્વારા મનુષ્યની ઇચ્છાપૂર્તિ કરી એને ફળ પ્રાપ્તિ કરે છે. તાળીના ગુંજન થી શક્તિ સ્વરૂપા મા અંબે જાગૃત થાય છે. તાળીઓના તાલે આ તેજ રૂપી મા અંબાના આરાધના કરવામાં આવે છે. એજ સાચા અર્થે ગરબાનો ઉત્સવ.

આપણા આ સાંસ્કૃતિક વારસાને સંભાળવા, તેને શણગારી સુશોભિત કરવાના દરેક પ્રયત્નો હું ,સંગીતા ચોક્સી મારી, 'સંગીતમ આર્ટ એકેડમી'માં તેને કરવા જાગૃત રહું છું.

આભાર સહ.

અસ્તુ.

SANGEETA CHOKSHI

PROPRIETOR

Name: Ma. Sangeeta A. Chokshi.
Gender: Female
Association with the Garba: 30 Years.
Address and contact:46/296,MIG flat, Behind Saibaba Temple, Ellora Park, Vadodara-23-Gujarat.
Contact No.: 9924374741.
Signature and Date: (Date:8/03/22)

SANGEETAM ART ACADEMY
PROPRIETOR
8/3/22

Shivam Dance Academy
B-44 Anurg Society, Opp.Akota Garden,B.P.C.Road. Vadodara -390020 Gujarat India.
Email: shivamdance4u@gmail.com. santoshshivamevents@gmail.com
Mob No. +91 9825269069 , 9925227891

**Letter of consent for the Nomination of Garba of Gujarat for possible Inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO In 2023.**

# Letter of Consent

યુનેસ્કો માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

અમને સૌ ગુજરાતીઓને ગર્વ થાય છે કે 'ગરબા'એ ગુજરાતીઓનું અભિન્ન અંગ છે. અને આજે જયારે "ગરબા" વિશ્વ  ફલક ઉપર એક અદભૂત અને ગૌરવાન્વિત યાદીમાં સામેલ થવા જઈ રહયો છે જે એક સાંસ્કૃતિક, સામાજીક, ધાર્મિક તેમજ ઔતિહાસિક પળ છે. સર્વ રીતે ગુજરાતીઓના હ્દય-મનમાં સ્થાન મેળવીને વિશ્વના અગણિત દેશોમાં ભાષાને પર રાખીને સૌનો પ્યારો 'ગરબો' બન્યો છે. જેને રમવા, માણવા, જાણવા, સૌ ઉત્સુક હોય છે.

'ગરબાને યુનેસ્કોમાં સ્થાન મળે તે માટે અમારી પાસે ગરિમામય રજુઆત છે. "ગરબા"એ વર્ષો જુની લોકકળા મનાય છે. ગરબા તે નવશકિતની આરાધનારૂપે કરવામાં આવે છે. જેનાથી શકિતનો સંચાર થાય છે. ગરબો ઉર્જાનો સ્ત્રોત છે જયાં તાલબધ્ધ તાળીઓ ધ્વારા એક ગોળાકાર હલચલનની જુદી જુદી ઝડપથી તેની ઉંચાઈએ પહોંચે છે. જેમાં એકથી લઈ અનેક વાત્ર સામેલ હોય, તેના પોષક રંગબેરંગી અન્યને આકર્ષણ થાય તેવા છે. ગુજરાતીઓના ધાર્મિક, સામાજીક, ઐતિહાસિક મેળામાં સંસ્કૃતિના દર્શન કરાવે છે. ગરબો આધ્યામિક તાદાત્મ્ય સાધવામાં પણ મહત્વ ધરાવે છે. જે રીતી રીવાજ અને પરંપરાગત સાંસ્કૃતિક વારસાનું આગવું સ્થાન ધરાવે છે. સૌ ગુજરાતીઓ માટે "ગરબો" એક અનન્ય માનવતાના મૂર્ત વારસાની યાદીમાં સામેલ થાય એવી અભ્યર્થ પ્રાર્થના સહ.

**Name :- Santosh D Mane**

**Gender :- Male**

**Association with Garba :- Individual & Institutional**

**Address & Contact :- Vadodara, Gujarat, India (+91 98252 69069)** **shivamdance4u@gmail.com**

**Signature & Date :- 08-03-2022**



# Ram Academy of Dance

+91 99134 53574 +91 99134 53574

sejalvasadiya@gmail.com www.ramacademyofdance.com

16, Meera Residency, Near Mom's Café, Opp. Railway Station, Janta Crossing,
Vallabh Vidyanagar - 388 120, Ta. & Dist. Anand, Gujarat, India


**Date : 07/03/2022**

## Latter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023

## Letter of Consent

માનવ સંસ્કૃતિના ઉદ્ભવથી જોડાયેલ એવી અતિપ્રાચીન સંસ્કૃતિ એટલે ભારતિય સંસ્કૃતિ. આધ્યાત્મીક, સાંસ્કૃતિક વારસાથી સભર એવા ભારત દેશના પશ્ચિમી કિનારે આવેલો પ્રદેશ એટલે ગુજરાત. જેની પ્રથમ ઓળખ એટલે "ગરબો". ગરબાનો સૌપ્રથમ ઉલ્લેખ "ઐતરૈય આરણ્યક" ઉપનિષદમાં મળે છે. ભાતિગળ ગરબાના બે સ્વરૂપ છે. પ્રાચિન અને અર્વાચિન. જે ગોળાકારે પારંપરીક વેષભુષા પહેરીને સ્ત્રીઓ અને હાલમાં પુરુષો દ્વારા ગાય છે. જેમાં બ્રહ્માંડમાં રહેલ સ્ત્રી શકિતનું પુજન થાય છે. ગરબાને મુર્તિમંત સ્વરૂપે રજુ કરવા ઘડાની ચારેય બાજુ કાણા પાડીને તેમાં દીવો મુકાય છે. ત્યારબાદ તેની ચારેય બાજુ ગોળ ફરતે પારંપરીક ગીત, સંગીત સાથે તાળી પાડીને આસો માસની શુકલ પક્ષની એકમથી નોમ સુધીની તીથીમાં ગાઈને માતાજીની આરાધના કરવામાં આવે છે. આ સમય નવરાત્રી તરીકે ઓળાય છે. ગરબો એ બ્રહ્માંડમાં રહેલી અસીમ ઉર્જાશકિતને માનવ શરીરમાં સંચારિત કરવાની એક વિશિષ્ટ પધ્ધતિ છે. ગરબો એક ભાતિગળ નૃત્યની સાથે સાથે એરોબીક એકસરસાઈઝનો પ્રકાર છે જે હાલમાં સમગ્ર વિશ્વમાં લોકપ્રીય છે. ગરબો ગાવાની પધ્ધતિમાં હાલના સમયમાં ખુબજ વૈવિધ્ય સભરતા જોવા મળે છે.

**Name : Sejal Kuvarba Sanjaykumar Vasandiya**

**Gender : Female**

**Association with the Garba : Individual**

Vasadiya

ડાયરેક્ટર
રામ એકેડમી ઓફ ડાન્સ
૧૬,મીરા રેસિડેન્સી રેલ્વે સ્ટેશનની સામે,
અવકુલ હોટેલ ની લાઈનમાં,વિદ્યાનગર.
તા.જી.આણંદ.

nupur dance academy
78, 'Sukun', Aiya Space
Opp : Nayara Petrol Pump
Bhuj – 370 001
Phone : +91 - 9426985204

**<u>Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023</u>**

## <u>Letter of Consent</u>

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

ગરબા એ માત્ર ગુજરાતની અસ્મિતા સાથે વણાયેલી નથી પરંતુ દુનિયા માં દરેક ખૂણે જ્યાં ગુજરાતી વસે છે ત્યાં ગરબા નું પ્રચલન છે. નૂપુર ગ્રુપને 20 વર્ષ થી ગુજરાતી લોકનૃત્ય ની સેવા કરવાનો અવસર મળ્યા નો આનંદ છે અને આપણા સાંસ્કૃતિક વરસ નું જતાં કરતા હર્ષની અને ગૌરવ ની લાગણી અનુભવીએ છીએ

કદાચ સૌથી મોટો ગરબા લોકનૃત્ય નો પર્વ એટલે નવરાત્રી જે ગુજરાત ના સીમાડા ના ઓળંગીને આખી દુનિયા માં ઉજવાય છે. ગરબો એ માત્ર સાંસ્કૃતિક નહિ પણ ધાર્મિક આસ્થા ની પ્રતિકૃતિ છે. નૃત્ય કરતા કરતા દેવી ની આરાધના કરવાનું માધ્યમ છે.

**Name:** **VAISHALI SOLANKI (DIRECTOR, NUPUR DANCE ACADEMY)**

**Gender: FEMALE**

**Association with the Garba: Performing and teaching Garba to more then 200 students for 20 Years.**

**Address and contact: 78, "sukun", Aiya Space, Bhuj Gujarat – 370 001.**

**Signature and Date: 6th March'22**



Organizer : Viranchi V. Buch

**SHREE VRUND**

(Since 1985)

*(The Group of Prachin & Avarchin Garba)*

Add. : Shakti Flats, 2001, Near Airport Railway Crossing, Nr. Jain Derasar, Rajkot-360007

Contact : 98989 99539 / 0281-2478139

Ref. :

Date :

Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023

## Letter of Consent

યુનેસ્કો માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયાવિશે સાંભળીને અમને આનંદ થયો.

ગરબા અને એના પણ પ્રાચીન - અર્વાચીન ગરબાઓ એ ભારતની વિસરાતી અસ્મીતા છે તેને જાળવી રાખવાનો એક અથાક પ્રયત્ન કરીએ છીએ અને રાજ્ય સરકાર દ્વારા તેને પ્રોત્સાહન પણ અપાઈ રહ્યું છે

પરંતુ UNESCO આ ગરિમાને જાળવી રાખવા જે પ્રયત્ન કરે છે તે અભૂતપૂર્વ છે

અમારું આ શ્રી વૃંદ - ૧૯૮૫ થી કાર્યરત છે ૨૫ થી ૩૨ દિકરીઓ દ્વારા ગરબા રમતા રમતા સુર માં ગાય અને વાદ્યવૃંદ સાથે તાલ મીલાવે ને કોરીયોગ્રાફી કરવી તે કળા ને જાળવી રાખવા નો અમારો નમ્ર પ્રયાસ છે. આમ જોઈએ તો માં શક્તિ ની આ આરાધના છે ભાગ્યે જ જોવા મળતા મહીના પ્રેક્ટીસ કર્યા પછી ૮ થી ૯ મીનીટ નું પરફોર્મન્સ તૈયાર થાય તે આરાધના થી ઓછું નથી. પણ આ સંસ્કૃતિ વિસરાઈ ન જાય તેના આ પ્રયત્નો છે. સતત ગુજરાત રાજ્ય માં અર્વાચીન કૃતિ માં રાગઢાળી ગરબા જેવા કે આહિર ભૈરવ, કલાવતી, બાગેશ્રી, સોહિની, મીયાર રાગોમાં ૭ માત્રા ૧૪ માત્રા, ૬ માત્રા, ૪ માત્રા માં સ્વરાંકનો રજુ કરવા તે અમારી આગવી ઓળખ છે અને જેના કારણે સર્વશ્રેષ્ઠ ગણાતા આવ્યા છીએ.

વંદન

વિરંચીભાઈ વિ. બુચ

સંચાલક-સ્થાપક શ્રી વૃંદ રાજકોટ

શક્તિ ફ્લેટ્સ 2001, પ્રધાન નગર

એરપોર્ટ ફાટક પાસે, જૈન દેરાસર ની બાજુમાં

રાજકોટ. Mobile No- 9898999539 (Viranchi)

9898099539 (Prapti)

7/3/2022

Gandharva Kala Kendra
Run by
Shirsath Yogesh Pandurang
(Choreographer of Prachin Garba)
115/B, Suncity, Opp. Ambe School, Manjalpur, Vadodara-11. Mob.: 96873 28700

Letter of consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of intangible Cultural Heritage of Humanity, UNESCO in 2003.

## Letter of Consent

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક  વારસાની પ્રતિનિધિની યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતનાં ગરબાની નોમિનેશન પ્રકિયા વિષે સાંભળીને અમને આનંદ થયો.

વર્ષ 2004થી વડોદરા શહેર(જિલ્લાનું) પ્રાચીન/અર્વાચીન ગરબાની સાથે સંલગ્નતા ધરાવું છુ.

વર્ષ 2017 તથા 2018 માં "ગાંધર્વ કલા કેન્દ્ર –વડોદરા"ના નેજા હેઠળ પ્રાચીન ગરબા નિર્દેશક તરીકે રાજ્ય કક્ષાએ નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરેલી જેમાં સમગ્ર રાજ્યમાં બીજો અને ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કરેલો.

સમગ્ર વિશ્વમાં ગુજરાતની સંસ્કૃતિ ગરબો-સાંસ્કૃતિક ધરોહર તરીકે ઓળખાય છે, જે મારી ગળથૂથીમાં વણાયેલ છે.

ઐતિહાસિક મહત્વ :બાણાસુરના પુત્રી તથા શ્રી કૃષ્ણના પૌત્ર વધુ ઉષા (ઓખા) એ ગરબાના રૂપમાં આસ્થા, ભક્તિ તથા શક્તિનું સ્વરૂપ ગરબો  પ્રદાન કર્યો. જેઓ માતા પાર્વતી પાસે લાસ્ય નૃત્ય શીખેલા.

ગરબો એટલે માતાજીનાં સ્થાપન સામે આધ્યાત્મિક શબ્દોનું ગીત, તાલબદ્ધ તાળીઓ લેતા ગવાય, શેરીઓમાં કે સ્ટેજ પર તાળીઓ પાડીને મંડલાકારે ફરતા ફરતા ગવાય એ ગરબો.

છિદ્રોવાળા માટીના ઘડામાં દીપ સ્થાપન થાય તે ગરબો. ગરબો નૃત છે. નૃત – નૃત્ય મંડલાકારે પ્રસ્તુત થાય છે.

ધાર્મિક મહત્વ : સર્વે દેવોમાંથી પ્રગટેલા પ્રકાશપુંજ એકાકાર થઈને મહાપ્રકાશિત તેજ પૂંજ માથી એક સ્ત્રી સ્વરૂપ આકાર પ્રગટ થયો, આ મહાપ્રકાશિત પૂંજ એ જ સૃષ્ટિની સર્જક, સંહારક, તથા પોષક – માં આદ્યશક્તિનું પ્રતિક.

Scanned with CamScanner

Gandharva Kala Kendra
Run by
Shirsath Yogesh Pandurang
(Choreographer of Prachin Garba)
115/B, Suncity, Opp. Ambe School, Manjalpur, Vadodara-11. Mob.: 96873 28700

સામાજિક મહત્વ : વર્તુળમાં રમાતો/ગવાતો/ ઝીલાતો ગરબો માં આદ્યશક્તિનીજ પ્રદક્ષિણા છે.સૌ પ્રથમ ગરબાનો પ્રવેશ ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર પ્રદેશમાં થયો. બાણાસુરના પુત્રી (ઉષા ) ,શ્રી કૃષ્ણના પૌત્ર (અનિરુદ્ધ ), અને શ્રી કૃષ્ણ એ આ ગરબો સૌરાષ્ટ્રના લોકોને અર્પણ કર્યો.

આમ સૌરાષ્ટ્રને મંડલાકરે ગવાતો , રમાતો ગરબો મળ્યો.

પરંતુ મધ્યકાલીન યુગ માં ધર્મયુદ્ધો , ધરમાંતરણ થયું અને કેટલાક ધાર્મિક પરિવર્તનો આવ્યા, પ્રજાજનોના જીવનમાં પરિવર્તનો આવ્યા અને મનુષ્યની ધાર્મિક મર્યાદાઓ,પ્રવૃત્તિઓ જાહેર જીવન માંથી લુપ્ત થઈ પોત-પોતાના ઘરોમાં પહોચી, ત્યારે લોકસંસ્કૃતિનો ભાતીગળ ગરબો ઘરે ઘરે સ્થાપન થવા લાગ્યો હશે અને બેઠા ગરબામાં પરિવર્તિત થયો હશે, તેમાથી વર્તુળાકાર શેરી ગરબો અને શેરી માથી રંગમંચ પર ગરબો સ્થાનાંતર પામ્યો હશે.

આભાર.

Name: Shirsath Yogesh P.

Gender: Male.

Association with Garba : Since 2004

Address: 115-B, Suncity, Manjalpur, Vadodara-11.

Contact: 9687328700

Signature and Date

7/3/22

Manager
Gandharva Kala Kendra
Vadodara.

Gandharva Kala Kendra
Va

Scanned with CamScanner

Achal Mehta
Singer–Music Composer

Rishabh

A-1/ 62 • Somdutt Park • Nr.Rajesh Tower • Gotri Rd. • Vadodara
Email : achalmehta_phi@yahoo.co.in
www.achalmehta.com

M : 9426074838

Ph : 2394409

**Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023**

**Letter of Consent**

હું અચલ મેહતા (રીષભ ગૃપ)
(મુખ્ય ગાયક - ગૃપ સંચાલક)

રીષભ ગૃપ પાછલા ૪૦ વર્ષોથી વડોદરા અને પાંચ દેશોમાં (અમેરીકા, કેનેડા, ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ, લંડન) પારંપારિક-સાંસ્કૃતિક ગરબા ગાય છે તેમજ, વગાડે પણ છે.

એક ગાયક-સંગીતકાર અને સંચાલક તરીકે મારું માનવુ છે કે ગરબાની પ્રસ્તુતિ વખતે બીજી પ્રકારની સંગીતનો પ્રયોગ કે ઉપયોગ ના કરવો જોઈએ જેથી કરી ગરબાની પાંરપરિકતા અને શુધ્ધતા જળવાઈ રહે અને એ મુળ સ્વરૂપ જળવાઈ રહે.

રીષભ ગૃપ નવરાત્રી અને બીજા ઘણાં સંગીતમય સાંસ્કૃતિક કાર્યક્રમ પણ સફળતા પૂર્વક આપે છે. રીષભ ગૃપના સ્વરચિત્ત ગરબાઓએ વડોદરાને વિશ્વભરમાં એક નવી ઓળખ આપી છે, અને મહત્તમ યોગદાન આપ્યું છે.

**website : www.achalmehta.com**

**https://www.youtube.com/channel/UCHWRG8tEMyeLtEJ63wS7kDw**

**https://www.youtube.com/channel/UCVfmxxPrGagsY1LBecgmIAw**

**Achal Mehta (Head of 'Rishabh Group')**

**Male**

**A/1/62, Somdutt Park, Near Rajesh Tower, Gotri Road, Vadodara 390021**

**Mobile : 9426074838**

# Adukiyo Dadukiyo Sarvajanik Trust

P.M. Yadav Shopping Centre, Opp. Aryakanya School,
Karelibaug, Vadodara. E-mail : dr.dineshyadav@ymail.com

Regd. No. F/1486/Gujarat/1808/Vadodara. Dt. 2.8.2003 · 80G No. : BRD/AA/III/Technical/104-44-A/07-08-11 · PAN Card No.: AABTA2967P

ગુજરાતની સાંસ્કુતિક ઓળખ તેનુ પરંપરાગત નૃત્ય ગરબા છે. જેમાં પણ વડોદરાને ગરબાની રાજધાની કહેવામા આવે છે. સંસ્કારી નગરી વડોદરામાં અનેક દાયકા થી ગરબા પ્રચલિત છે. વિશ્વમાં એક માત્ર વડોદરાજ એક એવું શહેર છે, જ્યાં નવરાત્રિ દરમિયાન એકજ ગોળાકાર રચી એક સાથે ગરબા રમવામાં આવે છે. પહેલા આ ગરબા શેરી ગરબા હતા. દાયકાઓ પહેલા નવરાત્રિ દરમિયાન ગરબાનુ આયોજન શેરીઓમાં તેમજ માતાજીના મંદિરોમાં કરવામાં આવતું હતું. પરંતુ વડોદરાથી ગરબાને જાહેર સ્થળોએ આયોજનની શરૂઆત થઈ હતી. વડોદરાના કલહંસ પટેલ દ્વારા નવરાત્રિ દરમિયાન ગરબાના આયોજનને એક વૈશ્વિક સ્વરૂપ આપવામાં આવ્યું છે. કલહંસભાઈ પટેલ દ્વારા અનેક ગરબાની રચના તેમજ તેને સ્વરબધ પણ કરવામાં આવ્યા છે.

ગુજરાતના પ્રાચીન ગરબાની રાજધાની કલાનગરી વડોદરામાં અમારી સંસ્થા અડુકિયો દડૂકિયો સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા અડુકિયો દડૂકિયો બાળ ગરબાનુ આયોજન દાયકાઓથી કરવામાં આવે છે.અડૂકિયોદડૂકિયો બાળ ગરબાની વિશેષતા એ છે કે આમાં ગરબા ગાનાર વગાડનારા અને ખેલૈયાઓ પણ બધા બાળકોજ હોય છે. અમારું સ્પષ્ટ પણે માનવું છે કે, ગુજરાતના ગરબાને ઐતિહાસીક દરજ્જો મળવો જોઈએ. જેની પાછળનું કારણ છે, ગુજરાતમા ભગવાન શ્રી કુષ્ણની પુજા તેમજ માતાજીની આરાધના કરવામાં આવે છે.ગરબા એ ભગવાન શ્રી કુષ્ણ અને માતાજીની આરાધનાની એક પ્રાચીન ઓળખ છે. હજારો વર્ષો પહેલા ભગવાન શ્રી કુષ્ણ ગોપીઓ સાથે રાસ રમવામાં આવતા હતા. જેના પુરાવા આજેપણ ભારતીય ગ્રંથો તેમજ ધાર્મિક પુસ્તકોમાં જોવા મળે છે. એટલુ જ નહી માતાજીની આરાધના માટે માટીની બનાવેલી ગરબી લઈને ધુમતી મહિલાઓનો ઉલ્લેખ પણ પ્રાચીન કાળના ગ્રંથોમાં જોવા મળે છે. ત્યારે ગુજરાતના પરંપરાગત પ્રાચીન નૃત્ય ગરબાને ઐતિહાસીક દરજ્જો મળે તે જરૂરી છે.

Dr. Dinesh Yadav

Gender: Male

Precident Adukiyo Dadukiyo Sarvjanik Trust

P.M Yadav Shopping Center,Opp.Arykanya School,Karelibaug,Vadodara.

Date:17/03/2022

Scanned with CamScanner

AMI'S CREATIONS
M.: 9722282544

AMI'S CREATIONS
M.: 9722282544

**Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023**

**Letter of Consent**

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

As a garba player and fashion designer of Gujarat state I am feeling Immense joy as Gujarat state's cultural identity Garba is being nominated in one of the most prestigious and renowned organisation for its significance.

Garba is 500 years old folk dance. Mother Parvati taught garba to Dwarka's women as an expression of empowerment . It is a festival to worship holy goddess Parvati that lasts for 9 days. Garba teaches us that a woman is a form of power, well being and prosperity. We feel proud of this culture that is just celebrated for women's greatness. As a fashion designer I am privileged that I get to wear different cultural costumes throughout 9 days . In these 9 days we present all kinds of handscraftmanship from all over gujarat like Patolas from patan, Kutchhi work from kutchh, Bandhni from rajkot. We wear all different kinds of costumes which are an amalgamation of these crafts.

In our mythological texts also garba is mentioned as form of expressing love as played by our God Krishna in form of Raas(form of graba) with goddess Radha.

Garba is a not just a folk dance rather a festival for empowerment of women , leaning back to our culture and teaching the upcoming generation our rich culture and also source of pure joy .

**Name: AMI SHAH**

**Gender:FEMALE**

**Association with the Garba:GARBA PLAYER AND FASHION DESIGNER**

**Address and contact:57/A UDAY NAGAR,WAGHODIA ROAD,VADODARA 390019**

**Signature and Date: 08/03/22**

Ami Shah

Total Pages (2) Two

aruna choksi
Shri Suren Choksi
Memorial Foundation, Vadodara.

Mobile - 98250 31520

"Ruchi" 1, Pitamber Society, Nr. Aims Oxygen, Old Padra Road,
Vadodara - 390020. India. © (0265)2312207
Fax : (0265)2332529 email : arunachoksi@yahoo.com

07-03-2022

Letter of consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO - 2023

Letter of Consent

" યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમીનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો."

|| વિશ્વના ચોકમાં, ગુજરાતને ટટ્ટાર સૌને ઊંચું રાખી, તેને ગૌરવ અપાવે તેવું કંઈ હોય તો તે ગુજરાતનો ગરબો છે. આપણો નવરાત્રિ મહોત્સવ એ વિશ્વનો સૌથી મોટો લોક નૃત્યોત્સવ છે.

સતત નવ-નવ દિવસ સુધી ગુજરાતના પ્રત્યેક પ્રત્યેક નાનાં મોટાં ગામમાં, નગરમાં, શહેરમાં તેમજ દેશ-દેશાવર, જ્યાં જ્યાં ગુજરાતીઓ વસતા હોય તે સર્વ પ્રદેશોમાં, વિશાળ સંખ્યામાં આબાલવૃદ્ધ ગરબે ઘૂમતાં હોય, તેવું અન્ય ઉદાહરણ પૃથ્વી પર બીજું ન મળે.

શક્તિની ભક્તિ સાથે સમાજના સર્વ વર્ગ-વર્ણ-જ્ઞાતિ-જાતિ દ્વારા સામૂહિક રીતે ઉજવાતો આ મહોત્સવ સામાજિક ઐક્ય તેમજ સમરસતાનું પ્રતીક બની રહ્યો છે.

ગરબો એ શબ્દ, સંગીત અને નૃત્યથી મઢેલી સંપૂર્ણ ગેય રચના છે, જેની પ્રસ્તુતિ લયબદ્ધ રીતે તાળી, ચપટી તેમજ ઠેસ સહિત થાય છે.

ગુજરાતની વૈશ્વિક ~~[illegible]~~ ઓળખ સમાન ગરબો એ આપણા ગૌરવનું પ્રતીક છે. આપણે કેવા ભવ્ય સાંસ્કૃતિક વારસાના વાહક છીએ તેનો વિચાર કરીએ ત્યારે કયા ગુજરાતીનું હૃદય અભિમાનથી ન છલકાય !

જ્યાં સુધી ગુજરાતણ ગરબા ગાતી રહેશે, ગરબે ઘૂમતી રહેશે ત્યાં સુધી ગરબો - ગરબાની પરંપરા ટકશે જ. ||

*aruna choksi*

Shri Suren Choksi
Memorial Foundation, Vadodara.

" Ruchi" 1, Pitamber Society, Nr. Aims Oxygen, Old Padra Road,
Vadodara - 390020. India. © (0265)2312207
Fax : (0265)2332529 email :arunachoksi@yahoo.com

Mobile - 98250 31520

Name - અરુણા ચોકસી - માનદ મંત્રી. S.O.S. (Serve Our Society) NGO.

Association with Garba.

છેલ્લાં ૨૫ (પચ્ચીસ) વર્ષોથી S.O.S. દ્વારા પારંપારિક નવરાત્રિ મહોત્સવનું આયોજન થાય છે, જેનું સંકલન તેમજ ગરબાની ગેય પ્રસ્તુતિ નીચે સહિ કરનાર અરુણા ચોકસી તથા વૃંદ દ્વારા કરવામાં આવે છે. ગરબાની શુદ્ધ પરંપરા જાળવી, બિન વ્યાવસાયિક ધોરણે થતા આ નવરાત્રિ મહોત્સવની વિશેષતા એ છે કે સમગ્ર આયોજન મહિલાઓની સક્ષમ ટીમ દ્વારા થાય છે, જેમાં તમામ વર્ગ, વર્ણ તેમજ વયજૂથની મહિલાઓ ઉલ્લાસપૂર્વક ભાગ લે છે.

મહિલા સશક્તિકરણની ભૂમિકા નિભાવતા આ ગરબા મહોત્સવમાં પ્રતિદિન ગરબા પ્રસ્તુતિને અંતે થતી સમૂહ આરતીમાં ઉપસ્થિત સર્વ ભાવિકો જોડાય છે...

Address and Contact -

અરુણા ચોકસી,
૨, પીતાંબર સોસાયટી, રીલાયન્સ મોલની બાજુમાં
જૂના પાદરા રોડ
વડોદરા. 390020

સંપર્ક - મોબાઈલ - 98250 - 31520

Signature & Date

[signature]

(Aruna Choksi)
07-03-2022.
સોમવાર

॥ऋतंभरा॥

## Letter of Consent for the nomination of Garba of Gujarat for possible inscription on the Representative List of Intangible Cultural Heritage of Humanity, UNESCO in 2023

### Letter of Consent

યુનેસ્કો, માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સંભવિત શિલાલેખ માટે ગુજરાતના ગરબાની નોમિનેશન પ્રક્રિયા વિશે સાંભળીને અમને આનંદ થયો.

હું અતુલ પુરોહિત, છેલ્લા ૪૬ વર્ષથી ગરબા ગાયક તરીકે ગરબા સાથે સંકળાયેલો છું અને ૩૨ વર્ષથી United way of baroda navratri festival માં ગાંઉ છું,અને તેથી ગરબાના મહત્વને ખુબજ ઊંડાણ પુર્વક જાણી તેમજ સમજી શક્યો છું તેમજ અમારા વંશમાં માતૃભક્તિ ગરબાથી જ થાય છે.

ગરબો - મુળ શબ્દ છે ગર્ભદિપ - તેમાથી અપભ્રંશ થઇ ગરભો અને તેમાથી અપભ્રંશ થઇ ગરબો થયું. ગરબો વેદ પુરાણ કાળ થી ગવાતો આવ્યો છે. અવકાશ ના ગર્ભમાં પણ સુર્ય અને આજુ બાજુ ગ્રહ-નક્ષત્ર તેમજ તારા ગરબો રમે છે.

આપણી સંસ્કુતિ નુ મુળ ગરાબા માં સમાયું છે. ઇતિહાસની અનેક કથાઓ ગરબા સાથે સંકળીત છે. જેમકે, માં પાવાગઢ થી ઉતર્યા - આ ગરબા માં રાજા પતઈ રાવળ નો ઈતિહાસ છે, અને ધન્ય માં તુ જોગણી - આ ગરબા માં પૃથ્વી ની રચના થી લઇ માનવ રચના સુધી ની વાત છે. વડોેદરા માં ગાયકવાડ શાસન વખતે, આશરે ૧૦૦ વર્ષ પહેલાં, માંડવી દરવાજે માતાજી નાં મંદિર પાસે ઈચ્છાબેન ગોરાણી ગરબા ગવરાવતાં, જે ઘર આજે પણ સુલ્તાનપુરા માં હયાત છે. આઈ આનંદનો ગરબો, આજથી ૩૦૦ વર્ષ પહેલાં બહુચરાજી માં રચાયેલ છે જેનો પુરાવો એજ ગરબામાં મળે છે, લેખક - વલ્લભ ભટ્ટ, આમ આવા અનેક ઉદાહરાણો છે જે સાબિત કરે છે કે ગરબો ગુજરાતી અસ્મિતા, સંસ્કાર, લોકજીવન, તેમજ રાષ્ટ્રભાવના સાથે જોડાયેલો છે.

**Name: Atul Purohit (Rutumbhara Group)**
**Gender: Male 67 years**

**Association with the Garba: Traditional Garba & Folk singer**

